Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૭ • તા. ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14

## કચ્છ-કોઠારાના શ્રી શાંતિનાથજી મહારાજ / શ્રી મેરૂપ્રભ જિનાલયનો સાર્ધ શતાબ્દિ મહોત્સવ ૫-૨-૨૦૧૨ના ધામધુમથી ઉજવાયો.

વિક્રમની ઓગણીસમી સદીના ઉદયકાળમાં બંધાયેલું કોઠારા ગામના શીરમોર સમું... ભવ્યભૂતકાળની ઝાંખી કરાવતું શ્રી મેરૂપ્રભ જિનાલય ગામના મધ્યભાગમાં બજાર અને વસ્તી વિસ્તાર વચ્ચે ઉન્નત મસ્તકે ઉભેલા એનાં બાર બાર ભવ્ય શીખરો એક અદ્દભૂત દશ્ય રચીનેં પ્રેક્ષકોને દૂરથી જ આનંદ... આશ્ચર્ય ચક્તિ કરી દે છે. કચ્છ પ્રદેશની શોભામાં અતિવૃદ્ધિ કરતા... વિશાળતા... કલા ... વૈભવ અને ભવ્યતામાં અનેક - અજોડ એવા આ શ્રી મેરૂપ્રભ જિનાલયની બાંધણી, શિલ્પ અને સ્થાપત્યથી એવીતો સંગઠિત રીતે કરવામાં આવી છે કે જાણે હિમાલયની ગિરીમાળાના એકાદ મનોરમ્ય શિખરનેં જાણે ઊંચકી લાવીનેં કોઈ દિવ્ય શક્તિએ અહીં ગોઠવી ન દીધું હોય!

વિદ્યમાન મૂર્તિઓ : આ ભવ્ય મંદિરમાં સમૂહમાં પાષાણની ૧૨૭ પ્રતિમાજીઓ બિરાજમાન છે. પંચધાતુની ૪૭ પ્રતિમાજીઓ, ચાંદીની-૨૩ પ્રતિમાજીઓ તથા સ્ફટીકની-૧ એમ કુલે ૧૯૮ નયનરમ્ય પ્રતિમાજીઓ અને સોનાનો એક શ્રી સિદ્ધચક્ર વિદ્યમાન છે.

મૂળનાયક પ્રભુ શ્રી શાંતિનાથજીના મુખ્ય ગભારા સહિત આ મંદિર સંકુલમાં કુલ સાત ગભારાઓ છે. મુખ્ય ગભારાની છત એક સદીથી વધુ જેટલા સમય પછી પણ અસલી રંગકામની સુંદરતા સાથે આજે સચવાઈ રહી છે.



કલા-કારીગીરીથી ભરચક એવા આ મનોહર દહેરાસરનું એક મુખ્ય આકર્ષક એટલે જગવિખ્યાત આબુ-દેલવાડાની દેરાણી-જેઠાણીના ગોખલાની આબેહૂબ પ્રતિકૃતિઓ, મુખ્યદ્વારની બને બાજુઓને શોભાયમાન કરી દર્શનાર્થીઓનું અભિવાદન કરતી ઈન્દ્રની અપસરાઓ, મંડિત કમાનોનું સૌન્દ્રર્ય અવર્ણનીય છે.

ચૌમુખજીની ટૂંકમાના ઉત્તરના એક મંદિરમાં નેમ-રાજુલના લગ્નમંડપ (ચોરી)નું નિરૂપણ કરીને ચતુર કારીગરોએ પોતાની કલા કૌશલ્યનો સુંદર પરિચય આપ્યો છે.

**સ્થાપત્ય-વિશિષ્ટતાઓ :** મંદિરનાં ત્રિપાર્શ્વ પરિમાણોની લંબાઈ ૭૮ ફીટ, પહોળાઈ ૬૪ ફીટ તથા ઊંચાઈ ૭૪ ફીટ છે. કુલ (૮) આઠ ટૂંકો છે. જેને કલ્યાણ ટૂંક પણ કહેવામાં આવે છે. મૂળનાયક ગભારા નીચે મોટું ભોંયરૂં છે, જેમાં પણ પ્રતિમાજી પધરાવેલ છે.

## હાર્દિક અભિનંદન



શ્રી સરસ્વતી માતાજીની અસીમ કૃપાથી

**ચિ. જીગર રાજેશ નાગડા** (સાંધાણ, મુલુંડ)

C.A. Final પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે. તેઓ શિક્ષણ ક્ષેત્રમાં આગળ LL.B. અને IFRS (ACCA, UK)નો અભ્યાસ કરી રહ્યા છે. તેમની કારકીર્દીમાં પ્રગતિ કરે એવી શુભ કામના..

**શુભેચ્છક :-** દાદા-દાદી : વાલભાઈ-રાયચંદ ઠાકરશી નાગડા (સાંધાણ)
નાના-નાની : લક્ષ્મીબાઈ પાશ્વીર લખમશી ધરમશી (તેરા)
મમ્મી-પપ્પા : સરયુ-રાજેશ રાયચંદ નાગડા • બહેન : દીપક, વૃષ્ટિ • ભાઈ : વરૂણ
કાકી-કાકા : રાજુલા-જયેશ રાયચંદ નાગડા

# 'જીવન સ્મૃતિ મહોત્સવ'

## શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહો......

આવા ઉચ્ચ વિચારો તથા સાહસિક વ્યક્તિત્વ ધરાવનાર **શ્રીમતી ચંદનબેન તથા નવીનભાઈ ઠાકરશી રામૈયા ધરમશી** આપ શ્રી એ તા.૧૫ જાન્યુઆરી ૨૦૧૨ ના રોજ 'જીવન સ્મૃતિ ' પ્રસંગ દ્વારા સમાજ માટે એક નવિન દાખલો બેસાડયો છે.

આપ જેવા વિરલા જ આ રીતે જુના સમાજિક રિત રીવાજોમાં સમાજોપયોગી સુધારા કરી શકે છે. સુથરી નું બાળ ઘડતર અને મુંબઈ-ભાવનગર ના કઠોર પરિશ્રમ થકી તમે તમારી જાતને ઘસીને હીરા જેવી ચમક આપી તથા વડોદરાની સોમ્ય સંસ્કારી ભૂમીને પોતાની કર્મભૂમિ બનાવી વડોદરામાંથી જે કાંઈ પણ મેળવ્યુ તે વ્યાજ સહીત પોતાની જન્મભૂમિ સુથરીને અને કર્મભૂમિ વડોદરાને પરત કરવાની તમારી નીતિ સમાજને પ્રેરણાદાયી બનશે એમાં બે મત નથી.



મરણોત્તર થકી ધર્મ મિશ્રિત રીત-રિવાજો-પ્રાર્થનાઓ-શોક સભાઓ વિગેરે ક્રિયાઓ હવે સત્વહિન-લાગણી શૂન્ય બનવા લાગી છે ત્યારે પોતાના મૃત્યુ પછી આ બધું થવા દેવા કરતાં જીવતાં જ સૌ સગા-સ્નેહી મિત્રો સાથે હંમેશા યાદગાર બની જાય તેવો પ્રસંગ ગોઠવી-સૌને પોતે આવકારે વિદાય માંગે-ક્ષમા યાચના કરી-સૌનું દિલથી અભિવાદન પ્રેમપુર્ણ રીતે કરી - ભાવતા ભોજન જમાડી જીવન-સંધ્યાના આથમતા રંગે સૌની સાથે પળો માણે અને સૌને અતી આનંદિત કરે તેવું આયોજન સુંદર રીતે ઉજવીને પોતે ધન્ય થયા. વધુમાં અતી ઉમદા એવું દેહદાન જાહેર કર્યુ પરિણામે કોઈ સૂરદાસને દૃષ્ટિ મળશે, હૃદયરોગથી પિડાતાને હૃદય, ડાયાલિસીસ કરાવી દુઃખ ભોગવનારને કીડની મળતા નવજીવન મળશે.

જીવન મૃત્યુ એ એક સામાન્ય ઘટના છે, અને દરેક જીવ એ સફર પુરી કરે છે. ત્યારે આપનું આ નોખું કાર્ય આપને બધા જીવોમાં મુઠી ઉંચેરૂં સ્થાન પ્રાપ્ત કરાવે છે.

આપના જીવન સ્મૃતિ પ્રસંગમાં અમને સહભાગી બનાવી નવી દીશા, નવી રાહ બતાવનાર આપને અભિનંદન તથા અમને મળેલ સુવર્ણ પળો બદલ અમો આપના ખરા દિલથી આભારી છીએ....

### વડોદરા ✧ અનુમોદક ✧ સુથરી

| | | | |
|---|---|---|---|
| નીશિથ દંડ | જય ધરમશી | અશોક મોતા | ચિતુ નરશી |
| નટવરલાલ નાગડા | શાંતીલાલ લોડાયા | ચેતન મોમાયા | રાજેન્દ્ર ખોના |
| પ્રવિણ લોડાયા | ખીરેન્દ્ર લોડાયા | કિરણ મોમાયા | રમેશ લોડાયા |
| ભરત લોડાયા | ચન્દ્રકાંત ખોના | નીતિન સાયલા | કિર્તી લોડાયા |
| | | | વિનોદ ધુલ્લા |

ચંદનબેન-નવીનભા ધરમશી
ચડતે પોર જો સિધ્ધજો, પહેલો સોનેરી કિરણ આંકે મુબારક,
આંકે અજ મુબારક આંકે કલ મુબારક,સોનથરી જા આંકે ૧૦૦ સાલ મુબારક
હો પુરી દીલકી ખ્વાહીશ આપકી, મીલે આપકો ખુશીઓં કા તોહફા,
અગર આપ માંગો ચાંદ સીતારે તો આપકો મીલે લહેરોં કા તોહફા.
તમન્ના કરતે હોં જીન ખુશીઓં કી , દુવા હૈ કી વો ખુશીયાં આપકે કદમો મે હોં.
શ્રી ધૃત કલ્લોલ દાદા આપકો હકિકત મે દે, જો કુછ આપકે સપનો મેં હોં.

-સોનથરી ગ્રુપ

- સોનથરી લેડિઝ વીંગ કમિટિ

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.



**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |



**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : સવારે ૧૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ





## Choice Over Chance

Jai Jinendra,

As defined by Wikipedia, the word 'choice' consists of the mental process of judging the merits of multiple options & selecting one of them. But as we might have come across innumerable times, the process of making a choice is not as easy as the above mentioned definition puts it. When a girl is on diet and comes across her favourite food, she is forced to make a difficult choice. When I am shopping for clothes or for gifts, I have to undergo the process of making a choice. When the mother of a child decides to punish her child, she has to make a choice between punishing him and letting him go with the possibility of spoiling him. Life is full of choices and how our life pans out in the future is nothing but a direct outcome of the choices we have made in the past. So, when it comes to the biggest decisions in life such as your career, your family and your personal goals, it is essential that we put a great thought to the choices we make.

I have a fundamental reason to fight with the people who believe that I need not make choices but let life make those choices for me. Some of them will regret that they should have been more proactive, others will blame destiny or luck for their wrong choices while others will stop bothering because they will feel content with what they have achieved. Doing so is merely wasting your talent and your inherent potential and leaving it to the whims and fancies of probability. Many of us feel that we are not strong enough to influence the events of our lives to a great extent but unless we believe in ourselves how we can empower ourselves to change the course of our destinies.

Friends, I would want to place unreasonable amount of stress on the decision making process with respect to your career and your work. A lot of us fail to understand the way our mind and our heart functions and choose a career path merely based on hearsay. If I am good at convincing people with logical arguments but am very honest, probably I cannot be a good salesman simply because I have the first quality. In the same manner, it is very essential for you to identify the traits that define you and form the core of your personality. Sometimes we take a decision but while travelling down that road confusion and hesitation kicks in. This is the time to introspect and challenge your earlier decision; this is time to look at the decision afresh. Many of us carry on with the earlier decision since we don't want to be subjected to endless questioning for abandoning a decision half way, but we fail to realize that it is nothing but merely changing tracks and not parking the train forever.

While making a choice about your career, although it is essential to evaluate your strengths and weaknesses, it is equally important to understand what is required in every type of job or work you will do later in your career. Speak to industry experts, talk to entrepreneurs and have a discussion with subject matter experts. Get knowledge about the route to your desired end point and know whether you are mentally, physically, ethically and financially ready to endure the challenges on that path. There are a million things one can do and it is not prudent to restrict oneself to a few of those based on the educational experience gained. If you have the expertise and the opportunity to do something you love, you should take the plunge no matter what the world and the community will think about you.

Taking an informed decision and making a choice is not an easy ordeal but we have to brace ourselves for the challenge since it will affect our life going forward in ways we cannot decipher.

*- Hitanshu Shah - hitanshucshah@gmail.com Ph. No. 9821242211*

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ

9448138780 - Sha Lalji Manekji
9341319295 - Sha Harish Munvar

## સંચાલિત - ''જીવન-સંધ્યા''

9448186222 - Sha Dineshchand Kuverji
9448165256 - Sha Veerendra Padamshi

### તા. ૧-૭-૨૦૧૧ થી ૩૦-૯-૨૦૧૧ સુધી આવેલ ફાળાઓ

અનુમોદના

### નિભાવ ફંડ

- ૨૧૦૦૦/- કે. કે. ઈન્ડસ્ટ્રીજ - કિશોર લાલજી નાગડા, રંગપુર (હુબલી)
- ૧૧૦૦૦/- દેવચંદ શામજી ધરમશી, સુથરી (મુંબઈ)
- ૭૨૦૦/- કિશોર શામજી ખીમજી મૈશેરી, જખૌ (ડોંબીવલી) (૧ જણનુ લવાજમ)
- ૧૧૧૧/- શ્રી કે.ડી.ઓ. જૈન મહાજન, ગદગ

### કાયમી મિષ્ટાન ભોજન - ૧૦,૦૦૧/-

- શા. કેશવજીભાઈ શામજી ધરમશી પરિવાર, સુથરી (લોકાપુર) હ. શ્રીમતી નવલબાઈ, લક્ષ્મીચંદ, તેજકુમાર
- નલીયા ગામે લોહાર ચકલામાં બિરાજતા ખોના ગોત્રના કુળદેવી અંબામા તરફથી.
- ગદગની નિયાણી બહેનો તરફથી, હ. પૂર્વી પીનાકીન છેડા નલિયા (મુલુન્ડ-મુંબઈ)

### કાયમી સવારનું સાદું ભોજન - ૭૫૦૧/-

- શા મુલજી લખમશી લાપસીયા (દેસાઈ) સાંયરા (મૈસોર) હ. સોમચંદ મુલજી પરિવાર

### કાયમી સાંજનું સાદું ભોજન - ૫૦૦૧/-

- કે.ડી.ઓ. સીનીયર સીટીજન ડીગ્નીટી ક્લબ, માટુંગા (મુંબઈ)
- નલીયા ગામે લોહાર ચકલામાં બિરાજતા ખોના ગોત્રના કુળદેવી અંબામા તરફથી.

### કાયમી સવારનો ચા-નાસ્તો - ૩૦૦૧/-

- દેકાંબાઈ મુલજી લાપસીયા (દેસાઈ) સાંયરા (મૈસોર) હ. વિમલાબાઈ સોમચંદ
- કે.ડી.ઓ. મહિલા મંચ, નાગપુર
- લક્ષ્મીચંદ હીરજી લોડાયા, સુજાપુર (મલાડ) હ. મિહીરભાઈ
- નલીયા ગામે લોહાર ચકલામાં બિરાજતા ખોના ગોત્રના કુળદેવી અંબામા તરફથી.

### કાયમી બપોરની ચાય - ૧૫૦૧/-

- માતુશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ ખોના, મોટી ખાવડી
- કાકીશ્રી કંચનબેન રમેશચંદ્ર ખોના, મોટી ખાવડી
- પિતાશ્રી જયંતીલાલ હંસરાજ દેવજી ખોના, મોટી ખાવડી (મુલુન્ડ) હ. શૈલેન્દ્ર
- શા જવેરચંદ વેરસી ધુલ્લા, સેવક ભરૂડીયા (થાણા)
- શ્રીમતી વિજયાબેન દિનેશચંદ્ર નાગડા, નલીયા (ગદગ) હ. મણીલાલ ડુંગરશી લોડાયા, નાંદેડ
- નલીયા ગામે લોહાર ચકલામાં બિરાજતા ખોના ગોત્રના કુળદેવી અંબામા તરફથી.

### એક ટંક મિષ્ટાન ભોજન આશ્રમવાસીઓ સાથે - ૧૦૦૧/-

- શ્રીમતી રાજબાઈ શામજી નાગડા, રંગપુર (મુલુન્ડ)
- શ્રીમતી હેવાબાઈ, બેલગામ
- શા સુભાષચંદ્ર શીવજી મોમાયા, બારોઈ (કિષ્ના)
- ચી ભાવીન રીતેન પ્રેમચંદ સોનાવાલા, નલીયા (માટુંગા)
- શા હિરેન શામજી નાગડા, જખૌ (મુલુંડ-ગદગ)
- શ્રીમતિ કુંવરબાઈ હીરજી છેડા, જસાપુર (સુરત)
- શ્રીમતી જવેરબાઈ મુલજી શીવજી છેડા, નલીયા (ઘાટકોપર)

### ટ્રસ્ટને નિભાવ ફંડમા દાન આપવાની યોજનાઓ

| | |
|---|---|
| પ્લેટીનમ સ્તંભ દાતા | રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- |
| હીરક સ્તંભ દાતા | રૂપિયા ૫,૦૦,૦૦૦/- |
| સુર્વણ સ્તંભ દાતા | રૂપિયા ૩,૦૦,૦૦૦/- |
| રજત સ્તંભ દાતા | રૂપિયા ૨,૦૦,૦૦૦/- |
| સહાયક સ્તંભ દાતા | રૂપિયા ૧,૦૦,૦૦૦/- |
| કોઈપણ એક વ્યક્તિને કાયમ નિઃશુલ્ક દાખલ કરી શકાય છે. | રૂપિયા ૧,૦૦,૦૦૦/- |
| એક રૂમના ફર્નીચર પેટે (કબાટ ઉપર નામ આવશે) | રૂપિયા ૨૫,૦૦૦/- |

**સંસ્થા વતી ખૂબ ખૂબ અભિનંદન અને આભાર**

**સંસ્થાને ફાળો નીચે મુજબ ના બેંકના ખાતામાં જમા કરી, નામ નોધાવી શકાય છે.**

શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ-ગદગ
HDFC બેંક - SB A/c No. 17621450000018, RTGS/NEFT/IFSC Code HDFC 0001762
CANARA - SB A/c No. 0511101019459, Bank IFSC Code CNRB0000511

**આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુક્તિને પાત્ર છે**

મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુટીયા-09820039469, શ્રી રાયચંદ હંશરાજ ધરમશી-09820084867

## "પ્રકાશ" મંજૂષા

જ્ઞાતિની ગૌરવવંતી ઐતિહાસિક માહિતી

લગભગ ૮૦ વર્ષ પહેલાં ફ્રેન્ડલી યુનિયન પ્રકાશીત "પ્રકાશ"માં પ્રગટ થયેલ જ્ઞાતિગૌરવના પ્રેરક લેખો ઈતિહાસની દષ્ટિએ પ્રસ્તુત કરીએ છીએ. સ્વ. નથુભાઈ શીવજીના વંશ પરિવારમાંથી સ્વ. ગોવિંદજીભાઈના પરિવારજનોમાં સ્વ. રાયચંદભાઈ, સ્વ. તિલકચંદભાઈ, સ્વ. નવીનભાઈ હતા અને હાલમાં શ્રી અભેચંદભાઈ અને જયચંદભાઈ ધુલીયા વસે છે.

# પ્રકાશ મંજૂષા : સ્વ. નથુભાઈ શિવજી

(ગતાંકથી ચાલૂ...)

સંવત ૧૯૬૦માં અમલનેર શહેરમાં જૈન પ્રાંતિક કોન્ફરન્સ ભરવામાં આવી તે વખતે મંડપ તૈયાર કરાવવાનું કામ એમનીજ દેખરેખ નીચે આવ્યું. અને ઘણી અગવડ વેઠી ધુલીયાથી ત્યાં હંમેશ જતા અને એક સુશોભિત મંડપ તાત્પુરતા સુંદર બગીચા સાથે તૈયાર કરાવી આપ્યો તેમજ કોન્ફરન્સના કાર્યમાં પણ ભારે ઉત્સાહથી ભાગ લઈને જૈનોની ઉન્નતિ માટેના પોતાના વિચારોની આપ-લે કરી હતી.

દશેરાના વખતે એક પાડો વધ માટે લઈ જતાં તેમના જોવામાં આવ્યો. દસરેના દિવસે દર ગામડે ગામડે થતા પાડાની વધના ક્રુર અને ઘાતકી રીવાજની હકીકતતી તેમનાં રૂવે રૂવાં ઉભા થયાં. આ બનાવથી તેમને અત્યંત લાગી આવ્યું. અને સંવત ૧૯૬૨ના સાલમાં આજે અત્યંત પ્રખ્યાત થએલી તથા છાપાંઓ અને આગેવાનોથી ખુબજ વખણાયેલી "શ્રી ધુલીયા પ્રાણીરક્ષક સંસ્થા" નામની સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થાની સ્થાપના ફક્ત રૂા. ૩૪।।ની નાજુક પુંજીથી થઈ. કાર્યકર્તાઓના દિલાવર અને સંગીન સુપ્રયાસોથી તેમજ દયાળુ લોકોની ઉદાર સહાયથી આજે ૨૨ વરસ થયાં ક્રમેક્રમે આ સંસ્થા પોતાના કાર્યનો વિસ્તાર કરી રહી છે અને હજારો જ નહીં બલ્કે લાખો પશુઓને અભયદાન અપાવવા ભાગ્યશાળી થઈ છે. હિંસા માટે સેવવામાં આવેલા પ્રયત્નો, માંસાહારી વર્ગમાં કરેલી જાગૃતિ, જુદી જુદી યોજનાઓથી ધર્મનાં નામે થતા સંહારમાંથી લાખો જીવોને મળેલું અભયદાન, દેશી રાજ્યોમાંથી જાનવરોની થતી નિકાસ તથા પશુવધ બંધ કરવા માટે થયેલા હુકમો, હજારો માણસોએ માંસાહાર તથા મદીરાપાનનો કરલો ત્યાગ, ઉપદેશકોના પ્રચારથી આવેલાં સુંદર પરીણામો ઇત્યાદિ સંસ્થાના યથા ફત્તેહમંદ પ્રયત્નોથી આજે અનેક શહેરોમાં આવીજ લાઈન ઉપર ૮૦ ઉપર સંસ્થાઓ સ્થાપન થઈ છે અને થતી જાય છે જેથી લાખો પ્રાણીઓને દર વરસે અભયદાન મળે છે. આ સંસ્થાની રાજકોટ અને આકોલામાં શાળાઓ છે. આ સંસ્થાને અંગે સ્વ. નથુભાઈએ ખટપટ કરીને આયુર્વેદિક ઔષધાલયની સં. ૧૯૭૦થી શરૂઆત કરાવેલી છે. જેમાં કાષ્ટાદિક દેશી દવાઈઓ મફત આપવામાં આવે છે તેમજ સંસ્થાની સાથે એક ફ્રી લાઈબ્રેરી પણ જોડવામાં આવી છે. ત્યારબાદ ચાર વરસે આજ લાઈન પર મુંબઈની જીવદયા સંસ્થા અને અન્ય સંસ્થાઓની સ્થાપના થઈ છે.

આવી રીતે એક આદર્શભૂત સંસ્થાની કલ્પના કરી તેની સ્થાપના કરવાથી જીવદયાનો સર્વત્ર ભારે ફેલાવો થવા પામ્યો છે. એ બધાનો યશ મરહુમ શ્રી નથુભાઈને ઘટે છે. આ સંસ્થાને આગળ અને આગળ વધારવા તથા પ્રાણીઓનું રક્ષણ કરવાના પ્રયત્નોમાં તેઓ પોતાની હૈયાતી સુધી ખંતથી મચ્યા રહેતા હતા.

તેઓને દેશહિતને માટે પણ ઘણા સારા વિચારો આવતા સં. ૧૯૬૪ની સાલમાં ધુલિયામાં રાષ્ટ્રીય પ્રાંતિક કોન્ફરન્સ ભરવાનું નકી થયું ત્યારે તેમણે કોન્ફરન્સને ફત્તેહમંદ બનાવવા ભારે મહેનત લીધી હતી અને તેની સાથે સ્વદેશી વસ્તુઓનું પ્રદર્શન ભરાયું હતું તે તેમનાજ નેતૃત્વ હેઠળ હતું. અને પોતે તેના એક સેક્રેટરી તરીકે હતા. તે પ્રદર્શન જોઈને લોકમાન્ય શ્રી બાલ ગંગાધર તીલકે પણ પોતાનો ભારે સંતોષ જાહેર કર્યો હતો. સમેત શીખરજીના પહાડપર યુરોપીઅનોના બંગલા બંધાવાથી ધાર્મિક લાગણી ભારે દુઃખાશે અને જૈનોના ધાર્મિક હક્કો ઉપર ત્રાપ પડશે એમ સ્વ. નથુભાઈએ લોકમાન્ય તીલકની સાથે આ બાબતપર ખાનગી ચર્ચા કરીને તેનું મહત્વ લોકમાન્યની નજરમાં લાવી આપ્યું અને સ્વ. શ્રી લોકમાન્યે તેના માટે તેજ વર્ષે અત્રે ભરાએલી મહારાષ્ટ્રીય રાજકીય કોન્ફરન્સમાં ઠરાવ દાખલ કરાવી પોતે તે ઠરાવપર અસ્ખલિતપણે ભાષણ કરેલું.

સંવત ૧૯૬૯માં શાહાદા ગામની નજદીક એક નાલામાંથી પાષાણની ભવ્ય અને મોટા પ્રતિમાજી નીકળ્યાં એ બહુ પ્રાચીન એટલે સંવત ૧૨૬૯ની સાલના પ્રતિમાજી છે. તે એક ભીલને મળી આવેલ હોવાથી તે ભીલ તેને પોતાની સમજી સીંદુર વગેરે લગાવી પુજા કરતો, ત્યાંના જૈનોએ કોશીષ કરતાં એ પ્રતિમાજી આપવા માટે ઘણી હરકતો કરી. તેના સમાચાર સ્વ. નથુભાઈને પહોંચાડવામાં આવતાં એમણે ખટપટ કરી ભીલને સમજાવી મામલતદાર સાહેબ મારફત મૂર્તિ મેળવીને ત્યાંના જૈનોના તાબામાં અપાવી તે પ્રતિમાજી ત્યાંના દેરાસરમાં પધરાવી છે તેની અત્યારે પણ ઉત્તમ પ્રકારે સેવા પૂજા થઈ રહી છે. અને તે ખાસ દર્શન કરવા જેવી મૂર્તિ છે.

ધુલીયામાં એક નવીન શીખરબંધ જૈન દેરાસર બાંધવાનો અને તે શીલ્પશાસ્ત્ર મુજબ કરાવવાનો અહીંના સંઘનો નિર્ણય થયો અને સુમારે રૂા.૯૦૦૦૦ (નેવું હજાર)ના

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ

મોતા ફલીયા, નલીયા.( તા: અબડાસા ) કચ્છ. ફોન નં. ૦૨૮૩૧ - ૨૨૨૨૧૫

દ્વારા આયોજીત

## રોટરી કલબ તોરલ (ભુજ)

ના સહકારથી

## નલીયા (કચ્છ) મધ્યે અગિયારમો નિ :શુલ્ક નિદાન કેમ્પ

**સ્થળ : શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન, મોતા ફલીયા, નલીયા.(કચ્છ)**

**સમય : સવારના ૯ :૩૦ થી બપોરના ૧ :૩૦ સુધી**

**તારીખ : ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૨ - રવિવાર**

આ નિદાન કેમ્પમાં ભુજ, માંડવી તથા કચ્છના અન્ય શહેરનાં નામાકિંત અને નિષ્ણાત ડોકટરો આંખના રોગો, જનરલ રોગો, દાંતના રોગો તથા સ્ત્રી રોગોનું નિદાન કરશે. દર્દીઓને કેમ્પના સ્થળે મફત દવાઓ આપવામાં આવશે. ડોકટરોની સલાહ સુચન મુજબ જરૂરીયાત જણાશે તો ઓપરેશન કરી આપવામાં આવશે. ઓપરેશન માટે ટ્રસ્ટ દ્વારા શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટ, ભોજાય. (તા: માંડવી ) સાથે સંયોજન કરવામાં આવેલ છે. કેમ્પમાં નેચરોપથી ( કુદરતી ) પધ્ધતિથી ઉપચાર પણ કરવામાં આવશે. આ કેમ્પનો સર્વે જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી કરીયે છીએ.

આ નિ :શુલ્ક નિદાન કેમ્પને પરમ પુજ્ય શ્રી વિજયશાંતીસુરીશ્વરજી મહારાજસાહેબના ભકતજનો તથા સાથી દાતાઓનું સૌજન્ય પ્રાપ્ત થયેલ છે.

એજ લી.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ

૧૦૯, અનુરાગ બીઝનેસ સેન્ટર, ઘાટલા રોડ, ચેમ્બુર ( ઈસ્ટ ) , મુંબઈ ૪૦૦૦૭૧.

ટેલીફોન નં. ૨૫૨૦૭૮૪૫ / ૪૬ / ૪૭. ફેક્સ નં. ૨૫૨૦૭૮૪૪.

e.mail address : kdonaliyatrust@gmail.com

ખરચે એક ભવ્ય વિશાળ મંદિર બંધાવવાની યોજના થઈ. તે યોજના અનુસાર મંદિરનો નકશો કઢાવી સંવત ૧૯૭૨માં ચૈત્ર મહીનામાં ખાસ મુહૂર્ત કરી કામ શરૂ કરાવવામાં આવ્યું. આ મંદિરમાં ફક્ત ચાર હજારને ખરચે એક મજબુત સંગીન ભોંયરૂ તૈયાર કરાવવામાં આવ્યું છે. જેમાં મુખ્ય તીજોરી સુધી પહોંચવામાં જુદા જુદા સાત દરવાજાની ગોઠવણ કરવામાં આવી છે. તેમજ બીજી અગીયાર મોટી દીવાલની તીજોરીઓ રાખવામાં આવી છે. ત્રણ મજબુત સંગીન પત્થરના વિશાળ ઓરડાઓ બનાવવામાં આવ્યા છે. આ ભોંયરૂં વખત પડે ધુલીયા શહેર માટે સેફ ડીપોઝીટ તરીકે પણ ભારે કામ આવે તેવું મજબુત બન્યું છે. પ્રથમ જોનાર આની કિંમત ૧૦૦૦૦ રૂપીઆ આંકે એટલું વિશાળ અને દેખાવદાર તથા મજબુત છે પરંતુ તેના પર રૂપીઆ ૪૦૦૦ ફક્ત લાગ્યા છે એવું જ્યારે જોનારને ખબર પડે ત્યારે તે આશ્ચર્યચકિત થઈ જાય છે. તેમજ મંદિરની એકંદર રચના પણ ભારે પ્રેક્ષણીય છે. રૂ ા.૯૦૦૦૦માં એક જ્ઞાનમંદિર, વ્યાખ્યાનમંદિર, મ્યુઝીઅમ હોલ, જિનમંદિર, ન્હાવાનો ઓરડો અને ઉપર વર્ણન કરેલ ભોંયરૂં એટલાં કામ કરવાનો અડસટો કાઢેલ છે, અને તે તમામ કામો પોતાની દેખરેખ નીચે અને જાહેર કરેલ ત્રણ વરસની મુદતની અંદર પુરૂં કરવાની તેમની તીવ્ર ઇચ્છા હતી. પરંતુ મંદિરનું કામ ચાલુ થયા બાદ સવા વરસે એટલે સંવત ૧૯૭૩ના ભાદરવા વદ ૧૨ના સ્વર્ગવાસી થતાં ત્યારથી હજી સુધી તે મંદિરનું કામ ચાલુજ છે. અને આંકણી કરેલ કિંમતના કરતાં ડબલ રકમ લાગી જવા છતાં હજુ પૂર્ણ થએલ નથી.

સ્વ. નથુભાઈએ પોતાની દેખરેખ નીચે જે કામ કરાવેલ છે તેમાં એસ્ટીમેટ કરતાં સેંકડે ૨૦ થી ૨૫ ટકા જેટલી રકમ બચત થયેલી છે અને એ રીતે આગળ કામ ચાલ્યું હોત તો ૭૫ થી ૮૦ હજારમાં બધું કામ થઈ જાત. પરંતુ જૈનોના દુર્ભાગ્યે લાખો રૂપીઆ ખરચાઈ ગયા છતાં અને અગીઆર વરસ વીતી ગયાં છતાં હજી કામ પૂર્ણ થયું નથી.

એક ખંતીલા દીર્ઘદષ્ટીવાળા બાહોશ માણસથી જનતાના લાખો રૂપીઆ કેમ બચી શકે છે તેનો આ જીવતો જાગતો દાખલો છે અને તેથીજ જનતા જે મહાન પુરૂષોની કિંમત લાખો રૂપીઆથી આંકે છે તેમાં જરાએ ખોટું નથી.

એમના સ્વભાવને અનુકુળજ એમનાં ધર્મપત્ની સૌ. ચાંપુબાઈનો સ્વભાવ હતો. તેઓ સુશીલ પતિભક્ત, સાધ્વી સ્ત્રી હતાં. તેમનો સ્વર્ગવાસ સંવત ૧૯૪૯માં થયો. ત્યારે સ્વ. નથુભાઈની ઉંમર માત્ર ૩૧ વરસની હતી કુટુંબીઓ, સગાવહાલાં તથા મિત્રોએ એમને ફરી લગ્ન કરવા ખુબ આગ્રહ કર્યો પરંતુ પોતાની ભર યુવાનાવસ્થા હોવા છતાં તેમણે ફરી લગ્ન માટે ચોકખી ના પાડી મને ચોથું રથ (બ્રહ્મચર્યવ્રત) અંગિકાર કર્યું. એઓ શ્રાવકના બાર વ્રત પણ ભારે દક્ષતાથી પાલન કરતા હતા સવારના નવકારસી-રાત્રે ચઉવિહાર તથા ગરમ પાણી પીવું એ વ્રતો મરણ સુધી પાળ્યાં. એમના ભાઈ શેઠ ખીમજીભાઈને નાનપણમાં ગુંઠણમાં દરદ થયું અને એક પગ આખો નકામો બની ગયો જેથી બાળબ્રહ્મચારી રહ્યા. સ્વ. નથુભાઈએ મનમાં નિશ્ચય કર્યો કે પુત્ર પ્રાપ્તિ થયે તે હું ભાઈને ખોળે આપીશ એથી તેમણે તેમના પહેલા પુત્ર-આપણી જ્ઞાતિના બીજા રાવ સાહેબ અને સુપ્રસિદ્ધ આગેવાન ભાઈશ્રી ગોવીંદજીને ભાઈને ખોળે બેસાડયા. તે પછી તેમને જે પુત્રરત્ન તથા એક કન્યા એટલાં ફરજંદ થયાં પણ કમનશીબે તેઓ નાની અવસ્થામાં ગુજરી ગયાં.

ધુલીયાની પાંજરાપોળ એક નામાંકિત સંસ્થા છે. તેને આજે ૪૪ વરસ સ્થાપન થયે થયેલાં છે. એ સંસ્થાનું પોતે ૧૯ વરસ સુધી ઓનરરી ઓડીટર તરીકે કામ કર્યું હતું. અને અનેક ઉપયોગી સુચનાઓ અને સેવા બજાવી સારા સુધારા વધારા કરાવ્યા હતા.

અહીંના શેઠ સખારામ ભાઈની પેઢી સાથે એમનો સંબંધ સંવત ૧૯૫૩થી જોડાયો. શેઠશ્રીના મરણબાદ તે પેઢીનો કારભાર કુલ મુખત્યાર તરીકે જોવા લાગ્યા અને જીંદગી સુધી તે પેઢીનો લાખોનો વહીવટ કુશળતા, સચ્ચાઈ અને ઇમાનદારીથી ચલાવી ભારે નામના મેળવી.

સખારામભાઈ સંવત ૧૯૫૯માં ગુજરી ગયા ત્યારથી પોતાની હયાતી સુધી એટલે ૧૬ વરસ પર્યંત અત્રેના શ્રી જૈન શ્વેતાંબર મંદિરનો લાખોનો વહીવટ ભારે કુશળતાથી ગચ્છ-પંથનો મતભેદ દુર રાખીને ચલાવ્યો. તે વળતમાં જૈનોનો સંપ અવર્ણનીય હતો.

એમને સત્ય પર અડગ શ્રધ્ધા હતી જેથી "બોલે તૈસા ચાલે ત્યાચી વંદાવી પાઉલે" એવા સંત તુકારામના વચનોને બરાબર પાળતા. એમને સાચા બોલનાર અને સચ્ચાઈપર ચાલનાર તરફ ભારે માન હતું. અને સત્યની બાજુએજ હમેશાં અડગ રીતે ઉભા રહેતા. છળકપટ પ્રપંચ એમનામાં સ્વપ્ને પણ નહીં દેખાતાં, તેઓ જે જે બોલતા તે મુજબ હમેશાં આચરણમાં લાવવા પ્રયત્ન કરતાં. એમને અધ્યાત્મ વિષય પર ભારે પ્રીતિ હતી. તેઓ હમેશાં આનંદઘનજીનાં પદો ગાતા અને અર્થ મનન કરતા.

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે, વંદક નિંદક સમ ગણે ઈસ્યો હોય તું જાણ રે.

***તુજકો જો કોઈ શૂલ દેવે તો તું દે ઉસકો ફુલ,***
***તુજકો ફુલકા ફુલ મીલેગા ઉસકો શૂલકી શૂલ***

એ પદો એમને બહુ પ્રિય હતાં.

|| શ્રી ભલારા દાદાય નમઃ || || શ્રી મોમાઇ માતાય નમઃ || || શ્રી સુરાપુરા દાદાય નમઃ ||



# શ્રી લાપસિયા બંધુ મંડળ

## ૧૮ મી પહેડી તથા સ્નેહમિલન

જેની રોમે રોમે હેતભર્યા, વેણે વેણે વરદાન । મારા મન મંદિરે જે બીરાજે, એ છે માં તુ મોમાઇ ।।

**૧૮ મી પહેડીનો અમુલ્ય લાભ ગામ રંગપુર હાલ મુલુંડ**
**સ્વ. જયંતિલાલ નથુભાઈ ખીમજી લાપસિયા**
**હસ્તે ભારતીબેન લાપસિયા પરિવારે લીધેલ છે.**

સર્વે ભાવિકો નિયાણી બહેનો સ્નેહીજનો તથા સગા સબંધીઓને રવિવાર તા. ૧૯.૨.૨૦૧૨ ના પહેડીનો પ્રસાદ તથા આરતીનો લાભ લેવા ભાવભર્યુ સહકૂટુંબ આમંત્રણ છે.

**ભક્તિ ધામ : જૈનમ બેંકવેન્ટ હોલ, પહેલે માળે, એલ.બી. એસ માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૮.**

માતાજીનો અપાર મહેર છે જેના ઉપર એવા શ્રધ્ધા ભક્તિ થી ભરપુર પરિવાર અ.સૌ. પ્રિતીબેન હિરેનભાઈ લાપસિયા હસ્તે આયુષી અદિતિ ગામ રંગપુર હાલ મસ્જીદ બંદર વાળા મોમાઇ માતાજીની ચાંદીની પ્રતિમા ફ્રેમમાં મઢીને લાપસિયા બંધુ મંડળને અર્પણ કરશે. માતાજી ની રજત પ્રતિમા ને પાલખી માં પધરાવી અનંત સિધ્ધિ થી સવારના ૮.૩૦ કલાકે વાજતે ગાજતે શોભાયાત્રા રૂપે જૈનમ હોલમાં પહેડી પ્રસંગે લઇ જવા માં આવશે. આ પ્રસંગે સર્વે ભાવિકો ને પાલખી ખભે લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરવા વહેલાસર આવવા નિમંત્રણ છે.

### કાર્યક્રમની ઝલક

| | | | |
|---|---|---|---|
| • માતાજી ની શોભાયાત્રા | સવારના ૮.૩૦ કલાકે | • નૈવેદ્ય પ્રસાદ | બપોરના ૧ થી ૨.૩૦ કલાકે |
| • માતાજી ની છબીની સ્થાપના | સવારના ૯.૩૦ કલાકે | • સાંસ્કૃતીક કાર્યક્રમ | બપોરના ૩ થી ૫ કલાકે |
| • અતિથિ વિશેષનું સ્વાગત | સવારના ૧૦.૦૦ કલાકે | • સંધ્યા આરતી | સાંજના ૬.૦૦ કલાકે |
| • દાતાશ્રી ઓનું બહુમાન | સવારના ૧૧.૩૦ કલાકે | • આભાર વિધિ | સાંજના ૭.૦૦ કલાકે |
| • આરતી | બપોરના ૧૨.૩૦ કલાકે | • અલ્પાહાર (પ્રસાદ) | સાંજના ૭ થી ૯ કલાકે |

**લિ. લાપસિયા બંધુ મંડળ**
**શ્રી અશોક નરશી લાપસિયા (પ્રમુખ)**

## દ્વિતીય પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ

જન્મ
૫-૧૨-૧૯૫૨



મરણ
૧૩-૨-૨૦૧૦

**અ.સૌ. ગીતા કિરણ કુલકર્ણી**

વિયોગે વિંધાયુ હતું મન, સ્મરણોથી ભીંજાય છે તન
મન થાય છે બેચેન અપાર, યાદ આવે છે અપરંપાર
આપના સદ્‌ગુણી વારસાને પ્રજ્વલીત રાખવા તત્પર
આપના દિવ્ય આત્મા પ્રતિ ભાવપૂર્ણ શ્રધ્ધાસુમન.

**અમર સ્મૃતિમાં...**
**શ્રી કિરણ સીતારામ કુલકર્ણી**
**ચિ. અક્ષય કિરણ કુલકર્ણી**
**શ્રી પ્રફુલ લક્ષ્મીચંદ ગોવિંદજી નાગડા (પરજાઉ)**
**તથા પરિવારજનો**

૭, ગણેશબાગ, જે.એન. રોડ, મુલુન્ડ (વે),
મુંબઈ-૮૦. ફોન ૨૫૬૭૯૦૩૪

## શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ

શ્રી સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.આ.ઠા. શનિવાર તા.૧૮-૨-૨૦૧૨ના શ્રી મુલુંડ શ્વે. મૂર્તીપૂજક જૈન સંઘ, ઝવેર રોડ, ખાતે પધારી રહ્યા છે. તેમનું સામૈયું સવારના ૭.૦૦ કલાકે મુલુંડ નીલમનગર, ઈસ્ટ-વેસ્ટ ફ્લાય ઓવર(વેસ્ટ બાજુ)થી થશે. સર્વેને સમયસર પધારવા નમ્ર વિનંતી છે. પધારનાર સર્વે ભાવિકોએ નવકારશીનો લાભ આપી જવા નમ્ર વિનંતી છે.

પૂજ્યશ્રીની સ્થિરતા એક દિવસ પુરતી જ રહેશે. ફરી **તા.૨૬-૨-૧૨**નાં શ્રી સંઘના જિનાલયની ધજા પ્રસંગે પધારશે. તેની નોંધ લેશો.

**તા.ક. : રવિવાર તા.૧૯-૨-૧૨**ના સાલગિરી ધજા નિમિત્તના આદેશો આપવામાં આવશે.

**લિ. શ્વે. મુલુંડ અચલગચ્છ જૈન સમાજ**

અંત સમયે તેઓશ્રીને ૧૭ દિવસ તાપ રહેલ તેમાં પ્રથમ ચાર દિવસ તેઓ હંમેશ  મુજબ જૈન મંદિર બંધાવવાનું કાર્ય બરાબર કરતા રહ્યા. ત્યારબાદ મંદિરના મીસ્ત્રી હમેશાં એમની પાસે આવી કામકાજ સંબંધે સલાહ મસલત કરી જતા અને રોજના કામની ખબર આપી જતા એમની ઓળખાણ બહોળી હોવાથી ઘણા લોકો એમની ખબર પૂછવા આવતા. આખરના ચાર દિવસ તેમણે ધર્મ સિવાય અન્ય કોઈ પણ વાત કરવાની બંધ કરી હતી. એમને અગાઉ ડોક્ટરી તરફ ભારે પ્રિયતા હતી. પરંતુ જ્યારથી આયુર્વેદને સમજવા લાગ્યા ત્યારથી તેમણે તેજ દવાનો ઉપયોગ કરવા માંડયો માંદગી વખતે ડોક્ટરો તપાસવા આવતા પરંતુ ઉપચાર અંત સુધી વૈદ્યના ચાલુ રહેલા ઘણા ડોક્ટર મિત્રોએ અમારી બે દહાડા દવા લ્યો તેવો આગ્રહ કરેલ પરંતુ મરહુમે એમની દવા લેવાની ચોકખી ના પાડી અને કહ્યું કે મને અપાતી વૈદ્યોની દવાઓ તપાસીને કાંઈ ખાસી હોય તો  જણાવો. મરહુમ અંત સુધી સાવધાન હતા અને શાંતિથી માંદગી ભોગવેલ. એમનો ફોટો એમણે બીલકુલ પાડવા ન દીધેલ તેથી મરણના બે દહાડા અગાઉ કેટલાક મિત્રોએ તેમનો ફોટો લેવા પ્રયત્ન કર્યો ત્યારે તેમણે કહ્યું કે આ દેહના અનંતા ફોટો પડી ગયા છે માટે તેમાં વિશેષ શું છે અંતે મિત્રોના અત્યંત આગ્રહથી ભારે મુશ્કેલી વચ્ચે ફોટો પાડવા દીધો.

અંત સમયથી બે કલાક અગાઉ એમના ભાઈએ પૂછયું કે ભાઈ દેરાસરના મીસ્ત્રી બેઠા છે. આપનો અંત સમય છે. આપને દેરાસર બાંધવાની ભારે હોંશ છે. માટે કાંઈ સૂચના કરવાની ઈચ્છા હોય તો તેમને કહો ત્યારે મરહુમે કહ્યું કે, ભાઈ આવા દેરાસરો લાખો બંધાઈ ગયા. હજારો બંધાશે એમાં તારે ને મારે ઝીકર કરવાની શી જરૂર છે. આ વાક્યો તેમણે જે ઉચાર્યાં તે તે વખતે રૂમમાં બેઠેલા પુષ્કળ માણસોએ સાંભળ્યાં હતાં જીંદગીના છેલ્લા શ્વાસોશ્વાસ પર્યંત તેઓ પૂર્ણ શુદ્ધિમાં હતા, એમના લઘુ બંધુ ખીમજીભાઈએ અંત સમયે ત્રાણ કલાક સુધી ધાર્મિક પ્રવચનો સંભળાવ્યાં હતાં અને મરહુમ બરોબર ધ્યાનપૂર્વક લક્ષ દઈને સાંભળતા હતા. મરણની ચાર મીનીટ અગાઉ ભાઈએ કહ્યું કેમ ભાઈ આ બધું સાંભળો છો ને? ત્યારે નથુભાઈએ સ્પષ્ટ અવાજથી કહ્યું, હું બરાબર સાંભળું છું. અંત વખતે શાંતિ રહેવી ઘણીજ કઠણ છે અને તે વખતે જેને શાંતિ રહે એ શાંતિથી મરતાં શીખે તેણેજ ખરેખર શાસ્ત્રના રહસ્યને સમજ્યું એમ કહી શકાય. આવી રીતે શાસ્ત્રનું શ્રવણ-મનન-સ્મરણ કરતાં ભાદ્રપદ વદ ૧૨ના પુત્ર, પરિવાર, ભાઈ કુટુંબ ઈત્યાદિનો મોહ નહીં રાખતાં દિવસના અગીઆર વાગે તેમનું શાંત રીતે દેહાવસાન થયું. આવું મરણ કોઈ વીરકર્મીનુંજ થાય છે. મરહુમના સ્વર્ગવાસના ખબર વીજળીને વેગે પ્રસરતાં આખા ગામમાં ભારે હાહાકાર થઈ રહ્યો અને ગમગીમી છવાઈ અને સ્મશાન યાત્રામાં ભાગ લેવા જ્ઞાતિબાંધવ, વેપારી વર્ગ, શહેરના આગેવાનો, વકીલો ઉપરાંત અન્ય લોકો સારી સંખ્યામાં એકઠાં થયાં હતાં ચિતાની સામે જાણીતા આગેવાન દેવ વકીલે તેમનામાં રહેલા સદગુણોનું પ્રશંસાત્મક ભાષણ સર્વે સમક્ષ કર્યું.

તેમનાં મૃત્યુની ખબર દેશદેશાવર પહોંચતા તેમના સુપુત્ર રાવ સાહેબ ગોવીંદજી ખીમજી ઉપર સંખ્યાબંધ દીલસોજીના સંદેશા અનેકાનેક ગામેથી તાર અને ટપાલદ્વારા તેમના મિત્રો અને વખાણનારાઓ તરફથી મલ્યા હતા. તેમાં મરહુમમાં જણાઈ આવતાં સંખ્યાબંધ ગુણોનું દિગદર્શન કરેલું હતું.

તેમના મૃત્યુ નિમિત્તે દિલગીરી દર્શાવવા અને આદર બતાવવા શહેરના પ્રમુખ વેપારી વકીલો આદિ ૫૪ જણાની સહીથી એક હસ્તપત્રક જાહેર સભા ભરવા માટે પ્રસિદ્ધ થયું. આ જંગી જાહેર સભા વિજયાનંદ થીએટરમાં નામદાર ઉપાસની સાહેબના પ્રમુખપણા નીચે ભરાઈ હતી.

(સંપૂર્ણ)


Since 1984...

Lagna Deep



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ
કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી,
રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા

• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી
ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા લેવામાં આવશે.

ગુરૂવાર બંધ

॥ જય શ્રી ભલારાદાદાય નમઃ ॥

# પ.પૂ.શ્રી ભલારાદાદાનું નાકા બહારના સ્થાનનું વિસ્તૃતિકરણ

## પ.પૂ.શ્રી ભલારાદાદાના ભાવિકો જોગશ્રી,
## “જયશ્રી ભલારાદાદા”

પ.પૂ.શ્રી ભલારાદાદાય નમઃ સાથે જણાવવાનું કે પૂ. ભલારાદાદાનું મૂળ ઉદ્‌ભવ સ્થાન આપણી માતૃભૂમિ કચ્છ મધ્યે સુથરી નાકા બહાર આવેલું છે. જે અજોડ સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ એવા બે ભાઈઓ પુ. ભલારાદાદામાંથી મોટાભાઈ જામનગર ગાદીપતિ મહારાવશ્રીની વિનંતીનો સ્વીકાર કરી લાલપુર ગયેલ અને નાનાભાઈ સુથરી મધ્યે રોકાણ કરેલ. એ નાનાભાઈનું સ્થાન સુથરીના પૂર્વનાકા બહારનું ઉદ્‌ભવ સ્થાન છે. જે આજથી અંદાજે ૪૫૦ વર્ષ પૂર્વે પૂ.દાદાને આ જગ્યાએ સાધના કરતાં અનેક સિધ્ધીઓ પ્રાપ્ત થયેલ છે અને પૂ.દાદા હાજરાહજુર થઈ આપણી મનોકામના પૂર્ણ કરે છે. આપણે જ્યારે પણ એમનું સ્મરણ કરીએ કે તરતજ હાજર થઈ આપણને નડતા વિઘ્નો અને કષ્ટ દુર કરી આપણી મનોકામના પૂર્ણ કરનાર એવા પૂ. દાદાના સ્થાનમાં અત્યારે ભવ્ય ગેટ સાથે બગીચાનું નિર્માણ દસ વર્ષ પહેલાં થયેલ છે જે આપ કચ્છ જતાં સુથરી મધ્યે પૂ. દાદાના દર્શન કરવા જતા હશો ત્યારે નિહાળેલ હશે જ. આજે બગીચામાં વૃક્ષો ઘટાદાર થઈ ભવ્ય બગીચો બનેલ છે.

પણ હજી એ સ્થાનને વિસ્તૃત કરી ભવ્યાતિભવ્ય બનાવવા ટ્રસ્ટે નીચે મુજબ વિચારણા કરેલ છે. જે ભવ્યાતિભવ્ય સ્થાન બનાવવા આપના સાથ અને સહકાર સાથે વિનંતી કરીએ છીએ કે આપ ઉદાર દીલે પૂ. દાદાના સ્થાનને ભવ્યાતિભવ્ય બનાવવા આપ સહભાગી બની અને આ આવેલ અવસરને ભવ્ય બનાવવા આપનો યથાશક્તી અનુદાન આપી એમના ઉદ્‌ભવ સ્થાનને વધારે શોભાયમાન બનાવવા લાભ લઈ ટ્રસ્ટબોર્ડને હરેક વખતે જે રીતે સાથ/સહકાર આપેલ છે એજ રીતે સહકાર આપશો એવી ખાત્રી સાથે ફરી ફરી આપને વિનંતી.

ટ્રસ્ટબોર્ડે નીચે મુજબની યોજનાઓ વિચારણા કરી અમલમાં મૂકવા નક્કી કરેલ છે. જેના નકરાઓ નીચે મુજબ નક્કી કરેલ છે.

| | |
|---|---|
| **૧,૫૧,૦૦૦/-** | **ભવ્યાતિભવ્ય ગેટ બનાવવા (૧૧’×૯’)** |
| **૧,૧૧,૧૧૧/-** | **પહેડી/પ્રસાદગૃહ (રૂમ)** |
| **૫૧,૦૦૦/-** | **ગેટની બાજુમાં નાનો ઓફીસ રૂમ (પૂર્વ બાજુ)** |
| **૫૧,૦૦૦/-** | **ગેટની બાજુમાં નાનો ઓફીસ રૂમ (પશ્ચિમ બાજુ)** |
| **૫૧,૦૦૦/-** | **બહારની રસ્તા બાજુની કંપાઉન્ડ વોલ** |

ઉપરોક્ત યોજનામાં વહેલો તે પહેલોના ધોરણે નામ દાતાનું લખવામાં આવશે અને દાતાની ઇચ્છા મુજબ એ જે નામ (લખાણ) આપશે તે મુજબની તક્તી લગાડવામાં આવશે.

તો આપની પૂ.દાદા પ્રત્યેની ઉદારદિલ ભાવના ત્વરિત જણાવવા વિનંતી.

આભાર.

**લી. ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીઓના જયશ્રી ભલારા દાદા સ્વીકારશો.**

## નવકાર મંત્રમાં આસ્થા અને આત્મશક્તિનો અનુભવ - સુધા. એસ. શાહ

જૂન ૨૦૦૪ બપોરે ૪ વાગે ઉપાશ્રયથી પાછા કરતાં કાર ચલાવતાં ચલાવતાં આંખોના પોપચાં બંધ થવાની માત્રા વધતી ગઈ. ઘરે આવીને કહી દીધું, "હું માંગુ તો પણ મને ગાડી ચલાવવા નહીં આપતા.. મારી આંખ વારે-વારે બંધ થઈ જાય છે. જેથી અકસ્માત થવાની શક્યતા વધી જાય." પહેલેથી જ મનમાં એક સંકલ્પ કયો હતો કે હું ૩૦ વર્ષથી ગાડી ચલાવું છું પરંતુ (૧) અભિમાન નહીં આવવા દેવું અને (૨) અકસ્માત ન થવા દેવો... અને એવું થવાની શક્યતા લાગે તો હે પ્રભુ સૌથી પ્રથમ કાર ચલાવવાનું બંધ કરાવી દેજે.

આંખ અચાનક જ બંધ થઈ ગઈ. થયું કે તેમાં પણ કંઈક સંકેત હશે? શું કરવું? તેની કાંઈ સમજ નહોતી પડતી. જેમ જેમ સર્વજન સાંભળે તેમ જોવા આવે, પૂછે "એમ આંખ બંધ થાય ખરી?" સર્વેને આશ્ચર્ય લાગે. નવા-નવા પ્રયોગો અને ટ્રીટમેન્ટ બતાવે, જ્યાં જે કહે ત્યાં ફોન કરીને પહોંચી જઈએ પરંતુ પૈસાના પાણી, હાલાકીનો પાર ન રહે, અને પરિણામ શૂન્ય.

મને તો હાથ પકડીને લઈ જવી પડે. મગજના ડોક્ટનરે બતાવ્યું. તો કહે, "આ બિમારીનું નામ Blafro Spasm છે, આનો હજી સુધી કોઈ ઉપાય શોધાયો નથી." સાંભળીને તો થોડા નાસીપાસ થઈ ગયા.

નદીના પ્રવાહમાં લાકડું અથડાતું-કૂટાતું જેમ આગળ વહેતું રહે તેમ અમારી જીવનનૈયા સમયના પ્રવાહમાં ઈલાજના અખતરાં કરવામાં, ચડાવ-ઉતાર સાથે અથડાતા-કૂટાતા અંધકારમાં આશાના કિરણની શોધમાં અમે જીવી રહ્યાં હતાં. મૃત્યુએ ટકોરા માર્યાં. ડાયાબિટિસ ૭૦૦ ઉપર થઈ ગયું. આવા સંજોગોમાં પણ એક નિશ્ચય કરવાની શક્તિ સાંપડી. મેં મારા મગજના ડોક્ટરને કહી દીધું : "મારે હવે કોઈ અખતરા નથી કરવા, આંખને માટે જે દવા ચાલુ રાખું તે મારી દૃષ્ટિ ખરાબ કરે, તે લેવાથી સારું તો નથી જ થવાનું. તેથી મારે તે દવા નથી લેવી. હું મારી રીતે ધર્મના સહારે શાંતિથી જીવવા માંગુ છું."

મારા અંતરાત્માનો અવાજ મને કહે - "મેં પૂર્વે કોઈ ભવમાં રમતાં-રમતાં માછલીઓની આંખો બંધ કરી હતી. જે કર્મ બે ઘડીનું બંધાયું હતું. જેથી મારી આંખો ૨ થી ૩ વર્ષ બંધ રહેશે.

બાળપણથી જ જન્મના તથા માવતરના સંસ્કારના કારણે જૈન ધર્મની શ્રદ્ધા મજબૂત હતી. કોઈએ કહ્યું તે મુજબ એક જ સમય અને સ્થળે બેસી બાંધી નવકારવાળી અને ૧૧ શાંતિનાથ ભગવાનની માળા ૨૧ દિવસ કરી. તે સમયે મારી આંખો બરાબર ખુલ્લી રહેતી હતી. પ્રતિક્રમણ કરવા ઉપાશ્રય જતી. પ્રતિક્રમણ બોલું તેટલો સમય આંખો બરાબર ખુલ્લી રહેતી. સાયનના માવડીઓનો, તેમાં પણ જયાબાનો કેટલો મોટો ઉપકાર હતો, તેઓ કહે - "બેટા! તું જ આખું પ્રતિક્રમણ બોલાવ, ભલે ભૂલ પડે અમે સુધારીશું. ઉપરાંત તેટલો સમય તારી આંખ ખુલ્લી તો રહેશેને? બંધ આંખે તને કેટલી મૂંઝવણ થતી હશે?"

આંખો બંધ થઈ તેના આગલા વર્ષે પહેલી વખત હું ભગવાન મહાવીરસ્વામીની સ્તુતિ, સમૂહ જાપ કરવા ઉપાશ્રય ગઈ. મને તો પુસ્તકમાં જોઈને પણ શબ્દો પકડતાં વાર લાગે અને બધા તો જલ્દી જલ્દી બોલે. ત્યારબાદ ગાથા શીખવાનું શરૂ કર્યું. ૯ ગાથા જ મોઢે થઈ હતી. આ વખતે પણ સમૂહ-જાપ માટે સવારે ઘરકામ કરતી દીકરી મને મૂકવા આવી પરંતુ સમૂહ જાપ ન હતા. નિરાશ થઈ ઘરે આવી. આંખમાં પશ્ચાત્તાપના આંસુ આવી ગયાં. મનની પ્રબળ ઈચ્છાએ જોર પકડ્યું. જૈન સ્તુતિ હાથમાં લીધી અંતરાત્માએ ઠપકો આપ્યો, "અરે? મૂર્ખી તું જોઈ નથી શકતી, આવડતું પણ નથી. તો પછીનું પુસ્તક હાથમાં શા માટે પકડે છે? મન કહેતું રહ્યું અને ૯ ગાથા સુધી બોલીને પુસ્તકમાં જોવાનો પ્રયત્ન કર્યો. આંખ ખૂબ-બંધ થતાં થતાં ૧૦મી, ૧૧મી, તે રીતે ૨૯ ગાથા પૂરી કરી આંખ સરસ ખુલી ગઈ અને ત્રણ દિવસ સવાસો ગાથા કરી. ઉપાશ્રય એકલી જતી-આવતી નવા વર્ષે વહેલી સવારે પ્રાર્થનામાં ગઈ. ઘરે આવી અને ફરીથી આંખો બંધ થવા માંડી!

પુચ્છિસુણં અને પ્રતિક્રમણ બન્ને બરાબર આવડી ગયા છે. પુચ્છિસુણં બોલવાની ૧ વર્ષ માટે બાધા કરી.

કોઈનો પણ સહારો લેવાનો બંધ કરી, પોતાની જાતે જીવવાનું શરૂ કર્યું. હિંમત કરીને નવકાર-મંત્રના સ્મરણ સાથે ડગલું માંડતી. ઉપાશ્રય જતી, ઘરનાં દરેક કાર્ય નવકારના સ્મરણ તથા મહાવિદેહ રૂડું તે સ્તવનના સ્મરણ સાથે એકે એક કાર્ય સાવધાનીથી કરતી. આંખ તો સતત ખુલ બંધ થતી તેની સાથે માથું હાથ બધું ખેંચાણના કારણે હલી જાય. સવારે ચા-દૂધ વિગેરે કાર્યો અઘરાં પડતાં હતાં, પરંતુ દેવ-ગુરૂ-ધર્મની કૃપાથી મારું આત્મિકબળ વધતું ગયું. બસ-ટ્રેનમાં જવું. રોડ ક્રોસ કરવા વિગેરે નવકારમંત્રના સ્મરણથી હિંમતથી કરવા લાગી. આજે ૬ વર્ષ બાદ પણ આંખો ખુલ-બંધ થાય જ છે. છતાં હું મારા જીવનની નૌકા ખુબ સરસ રીતે, જરાપણ ઢીલા પડયા વિના ચલાવી શકું છું. જો હું હિંમત હારીને મનથી

તૂટી પડી હોત તો ડિપ્રેશનમાં જતી રહેત અને મારું ઘર તથા જીવન ચલાવવું તો મુશ્કેલ થઈ પડત, ઉપરાંત ઘરમાં બીજું કોઈ નહીં હોવાના કારણે પતિ-દેવની માનસિક હાલત બગડી જાય.

હજુ તો આ બધું ઓછું હતું તેમાં પતિ સુરેશ લિફ્ટના ખાડામાં પડી ગયા, તે સમયે તો બચવાની કોઈ જ શક્યતા ન હતી. લોખંડની સ્પ્રીંગ ઘૂંટણમાં ઘુસી ટુકડા કરી નાખ્યા. તેમની સેવા માટે ડોક્ટર પાસે લઈ જવા વિગેરે નવકાર-મંત્રના સ્તવન સાથે કાર ડ્રાઈવીંગ પણ કરી શકી છું.

એક તરફ મારું આત્મિક-બળ તથા મનોબળ વધતું ગયું તેની સાથે સાથે શરીરનો ઉપદ્રવ પણ વધતો જ જતો હતો. મન કહે આધ્યાત્મિક રસ્તે આગળ વધવું જ છે, ત્યારે તન તથા બાહ્ય સંજોગો કહે, "હું જરાપણ તને સાથ નહીં આપું." આજ કર્મ તથા આજ જીવ અને અજીવના-તત્ત્વનું યુદ્ધ મને જણાયું.

આ બધી કસોટીમાંથી પસાર થતાં થતાં-ભગવાનની ગુણ-સ્તુતિ, નામ-સ્મરણ, શ્રદ્ધા, નવકાર-મંત્ર પરની આસ્થા મજબૂત બનતી ગઈ અને મારા જીવે-જીવમાત્ર સાથેની ક્ષમાપના હરપળ કરવા માંડી.

આને ચમત્કાર કહો? કે પછી મારી શ્રદ્ધા કહો? કે પછી પુણ્યનો ઉદય કહો? કે પછી જિનશાસન દેવની સહાય કહો? કે પછી મારા ઉપર કોઈનો મોટો ઉપકાર કહો? આ બધું જ મને તેનું ફળ લાગે છે.

આ અનુપ્રેક્ષાનાં આધારે જ-એ શ્રદ્ધા, એ શક્તિ, એ આસ્થા, એ આત્મ-બલ તથા એ મનોબલ દૃઢ થતાં ગયા તથા લેખન-કાર્ય, વાંચનકાર્ય, એકાંતમાં રહેવાની આદત, જાત સાથે, પશુ-પંખી સાથે વાતો કરવાની અને કુદરતના ખોળે રહેવાની આદત વધુ ને વધુ કેળવાતી ગઈ. જેથી મને અનેક કષ્ટો વચ્ચે પણ અંદરથી જે આનંદની અનુભૂતિ થાય છે તે અનુભવ્યા બાદ મારું સુખ અને ખુશીમાં વધારો થતો ગયો.

પ્રભુ પાસે એ જ પ્રાર્થના કે જેમ હું જીવનના ઝંઝાવાતમાં પણ આત્માના ઉત્થાન અર્થે આત્મબળ કેળવી શકી છું અને આત્માના ગુણને ઓળખવા, અનુભવવા અને વધુ ને વધુ ખીલવવાને સમર્થ બનતી ગઈ છું તેવી શક્તિ તથા આત્મબળ સર્વે જન કેળવી શકે.

*"પ્રભુ! સર્વે જીવોને એ શક્તિ પ્રાપ્ત કરાવે."*
*સર્વથા સૌ સુખી થાઓ, સર્વત્ર શાંતિ વિસ્તરો.*
*ઓમ શાંતિઃ શાંતિઃ શાંતિઃ*

***("પ્રબુધ્ધ જીવન"માંથી સાભાર)***


## એકતા લેન્ડ ડેવલોપર્સ-નલિયા (એકતા નગર-૧)

**મુખ્ય ઇનામ**

| ટોકન નંબર | ઇનામ | ભાગ્યશાળી વિજેતાનું નામ | એજન્ટનું નામ |
|---|---|---|---|
| ૩૭ | ટાટા નેનો | ગીરીશ હિરાચંદ નાગડા (સાંગલી) | મહેશ શામજી નાગડા (નલિયા) |
| ૯૯ | સ્પેલેન્ડર | કુમાર સોમચંદભાઈ મોતા (નલિયા) | - |

**આશ્વાસન ઇનામો :** રેફ્રીજરેટર (ટોકન નં.૩૪) ઓવન (ટોકન નં.૯૮), ડીવીટી પ્લેઅર ટો.નં.૨૧૨), સીલીંગ ફેન (ટો.નં.૨૦૭,૧૯૫, ૧૮૪), નોકીયા મોબાઈલ (ટો.નં.૮૪, ૫૬, ૨૯), ડીનર સેટ (ટો.નં.૧૩૮, ૧૬૮, ૨૦), મીક્ષર ગ્રાઇન્ડર (ટો.નં.૩૬, ૫૯, ૭૦), ટ્રાવેલીંગ બેગ (ટો.નં.૧૧૭, ૨૨૦, ૧૧૪), ફેમીલી ટીફીન (ટો.નં.૧૯૪, ૧૧, ૧૧૭) અને ઇલેક્ટ્રીક પ્રેસ (ટો.નં.૧૫૭, ૧૬૭, ૩૫)



***વગર દવાએ સરળ ઉપચારથી***
***રજવાડીઠાઠથી જીવવાની કળા***

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઇટીકાનો દુખાવો • સ્પોંડીલાઇસીસ • ઘુઠણનો દુઃખાવો • માઇગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઇન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થૈરાપીના નિષ્ણાત.

***આપના ઘરે આવીને તપાસીને સચોટ ઇલાજ કરવામાં આવશે***

*Raajendra S. Shah* (Sr. therapist) Matunga, Mumbai.
**Mob.: 9820002953 • Tel.: 022-24121234**



## લગ્ન સંબંધી

મુંબઈ સ્થિત જન્મ ડિસેમ્બર ૮૩, ઉંચાઈ ૫'-૩", કુંવારી, માંગલિક, B.E. (IT), MNCમાં કાર્યરત દંડ ગોત્રીય કન્યા માટે સમકક્ષ યુવકના વડીલો સંપર્ક કરે. કુંડલીમાં માનીએ છીએ.

**સંપર્ક : ફોન - 9619119885**

# પુણ્યતિથીએ ભાવભીની અંજલિ



**સ્વ. અશ્વીન ભાણજી લોડાયા (દલતુંગી-ડોંબિવલી) સ્વર્ગવાસ તા.૧૧-૩-૧૧**

જીવન સુંદર જીવ્યા તમે રાખી તમારી ટેક. હસતો રાખ્યો ચહેરો સદા રાખી જીવનમાં નેક,
યાદ તમારી છે અમારા દિલમાં, ખોટ હંમેશા વર્તાશે. ન જવાની રજા માંગીને આવજો કર્યું.

અને એક લાગણીસભર હૃદય તમારૂં ધબકતું અટકી ગયું અમને નોંધારા કરી તમે પ્રસ્થાન કર્યું. યાદ આવે છે, સતત આપનો માયાળુ સ્વભાવ પણ કુદરત સામે ક્યાં ચાલે છે કોઇની રાવ? વહાલા તમારી વિસરાય ના યાદ ભલે વીતી ગયા બાર માસ, અંતરમાં હજુએ પડઘાય છે આપની હૈયાતિનો સ્પર્શ, સુમન સમું જીવન જીવી ગયા આપ. ગેરહાજર છો! છતાય ઘેર હાજર છો. સદાય સ્મરણમાં રાખનાર આપનો પરિવાર.. આપની ધર્મપત્ની સુમન અશ્વીન લોડાયા પરિવારની નત મસ્તકે ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ...

વહાલસોયા પુત્ર : **પરાગ અશ્વીન લોડાયા**
વહાલસોયી પુત્રી : **આરતી અશ્વીન લોડાયા**
ધર્મપત્ની : **સુમન અશ્વીન લોડોયા**

**માતુશ્રી પ્રેમીલાબેન ભાણજી લોડાયા સમસ્ત પરિવાર**
**માતુશ્રી મોંઘીબેન લાલજી લાલકા સમસ્ત પરિવાર**

---

।। શ્રી આદિનાથાય નમઃ ।। ।। શ્રી મોમાઈ માતાય નમઃ ।। ।। શ્રી રામદેવ પીરને નમઃ ।।

શ્રી સાંયરા મોમાઈ માતાજીને નમતા ભાવિકો જોગ,

# ભાવભર્યું નિમંત્રણ

શ્રી **સાંયરા** (કચ્છ અબડાસા) મધ્યે બિરાજમાન **મોમાયા** નુખના કુળદેવીશ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી બીજી સમુહ પહેડી પ્રસાદનું આયોજન સવંત ૨૦૬૮ ચૈત્ર વદ ૨ ને રવિવાર **તા.૮-૪-૨૦૧૨**ના શુભ દિવસે કરવામાં આવેલ છે. શ્રી મોમાઈ માતાજીની સમૂહ પહેડીના દાતાશ્રી **માતુશ્રી સોનબાઈ મુલજી ખેતશી મોમાયા (પટેલ) પરિવારે** લાભ લીધેલ છે.

**શુભ સમય : સવારના ૯ થી ૨ કલાકે**
**શુભ સ્થળ : શ્રી નારાણજી શામજી મોમાયાની વાડી, મહેશ્વરી ગાર્ડન, કિંગસર્કલ, માટુંગા, મુંબઈ ૪૦૦૦૧૯. (C.R.)**

સાંયરામાં શ્રી મોમાઈ માતાજીને નમતા સાંયરા તથા અન્ય ગામોના ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર આ શુભ પ્રસંગે પધારવા અને પહેડી પ્રસાદીનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે. આ શુભ પ્રસંગે ભક્તિ ભાવના રાસગરબાની રમઝટ તેમજ નૈવેદ્ય પ્રસાદ તથા આરતી રાખવામાં આવેલ છે.

**નોંધ :** માતાજીના ચડાવાનો અમુલ્ય લાભ લેવા વહેલાસર પધારશોજી પહેડીમાં કાળા વસ્ત્રો પહેરી આવવું નહીં.

લિ. **ભોઈમાં જયાબેન નવનિચંદ્ર મોમાયાના જય માતાજી - મો.09220916927**

**-: સંપર્ક :-**

શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા (ગાંધીધામ) 09825351001
શ્રી ભદ્રેશ મુલજી મોમાયા (મુલુંડ) 09833131359
શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા (રાજકોટ) 09428892226
શ્રી ધનપતિ કુંવરજી મોમાયા (જલગામ) 09423185716
શ્રી હીરાચંદ વિશનજી મોમાયા (ઘાટકોપર) 09870336826
શ્રી દિનેશ મેઘજી મોમાયા (ડોમ્બીવલી) 09820678051
શ્રી ચિમનલાલ દામજી મોમાયા (સેંધવા) 09425089896
શ્રી શ્રેણિક નરશી મોમાયા (મુલુંડ) 09323785320

# ૨૨મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**જન્મ:**
**તા.૦૧-૦૯-૧૯૨૨**

**સ્વર્ગવાસ:**
**તા.૧૪-૦૨-૧૯૯૦**

## શા. ધનજી કલ્યાણજી ધરમશી

**(સ્થાપક : ડિલક્સ રોડલાઈન્સ)**

**આપની વિદાયને બાવીસ વર્ષ વીતી ગયા. છતાં આપના કાર્યો, સ્નેહ, હૂંફ અને માર્ગદર્શન આજે પણ સ્મૃતિ સ્વરૂપે અનુભવીએ છીએ. આપનો પ્રેમાળ, ઉદાર, નિખાલસ, પરોપકારી સ્વભાવ તથા મુશ્કેલીના સમયમાં આપની બહોળી ધીરજ, હૂંફ, તેમ જ કુટુંબ પ્રત્યેની ભાવના કદી ભૂલાશે નહિ. આપે વિતાવેલા સક્રિય માતબર વર્ષો આપની જ્વલંત કારકિર્દીના અમર સ્તંભો છે. આપનું સ્મરણ આંસુ બનીને આંખમાં તરવરે છે. પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાશ્વત્ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...**

*લિ.*

**શ્રી ખુશાલચંદ ધનજી ધરમશી પરિવાર • KHUSHAL SHAH GROUP OF COMPANIES**

DRL
Move Logically...

**DRL LOGISTICS PVT. LTD.**
(Logistics and Supply Chain Management)

URS UKAS QUALITY MANAGEMENT 043-A
ISO 9001:2000 CERTIFIED ORGANISATION

DHARAMSHI RESORTS

**DHARAMSHI RESORTS PVT. LTD.**

**DHARAMSHI HOLDING & DEVELOPERS PVT. LTD.**

**Regd Office** : 'Komal Mansion', No. 33, M.T.B. Road, Near Minerva Circle,
Bangalore - 560 002, Phone : 080-2670 5300/5301 • Fax : 080-2670 2300
**Admn Office** : No. 79, 4th Cross, N.R. Road (Kumbargundi), Bangalore - 560 002
Phone : 080- 2223 8181 / 82 / 83, 2229 8181 / 82 / 83 • Fax : 080-2212 2300
Email : bangalore@drllogistics.com / Website : www. drllogistics.com
**Regional Office** : 'Pranav Chambers', 77/80, Unit No.2, Sector 19/C, Vashi, Navi Mumbai-400 705,
Phone: 022-2783 8255 / 8266, Fax : 022-2783 9008, Email : mumbai@drllogistics.com

**KHUSHALCHAND. D. SHAH - MOBILE : 9844002300**




## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. વિદ્યાર્થીગૃહની પ્રવૃતિઓ ને છાત્રોને અભ્યાસની સગવડ ચાલુ જ છે

અમે છેલ્લાં ૫ તેમજ વધુ વર્ષથી આજ સુધી વિદ્યાર્થીગૃહમાં રહી અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧ સુધી વિદ્યાર્થીગૃહમાં રહી અભ્યાસ પૂર્ણ કરી હાલ સર્વિસ કરતા અમે ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલના વિદ્યાર્થીઓ જ્ઞાતિજનોને જણાવીએ છીએ કે ભાંડુપ તથા ચેંબુર એ બંને સ્થળેથી વિદ્યાર્થીગૃહની પ્રવૃતિઓ ચાલે છે અને અમે કુલ ૫૩ વિદ્યાર્થીઓ આ સંસ્થામાં હાલ પણ અભ્યાસ (શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨) કરી રહ્યા છીએ.. છેલ્લા ૪ વર્ષથી સંસ્થા બંધ પડેલી છે તે પ્રકારની ગેરજુઆત કરવાથી મુંબઈ ભણવા આવવા માગતાં મુંબઈ બહાર વસતા આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓ મુંબઈ ભણવા આવવાનું બંધ રાખે તો તેમને નુકસાન નહીં થાય? અમે વિદ્યાર્થીઓ સંસ્થાના નેજા હેઠળ, સંસ્થાના અધિકારીઓના માર્ગદર્શન અને પ્રોત્સાહન થકી ભણવા સાથે સાથે અન્ય સામાજીક અને જ્ઞાતિ હિતની પ્રવૃતિઓ પણ કરી રહ્યા છીએ. હાલમાં જ અમે વિદ્યાર્થીઓએ માનવ-જ્યોત, મુલુંડની સામાજીક સંસ્થાના સાથ સહકારથી બ્લડ ડોનેશન કેમ્પ, ગરીબો માટે કપડાં તથા દવાના કલેક્શનનો એક સફળ કાર્યક્રમ કરેલ.. હાલમાં ૨૬ જાન્યુઆરીના "ખેલ-૨૦૧૨"નો સ્પોર્ટસ્ ઈવેન્ટ પ્રોગ્રામ કરેલ.. જેનો જ્ઞાતિજનોએ ખૂબજ આનંદ માણેલ..

લી.. પારસ લહેરચંદ નાગડા (યવતમાલ), જીત નિરેન લોડાયા (ખામગામ), હિમાંશુ કાંતિલાલ નાગડા (ગાંધીધામ), અનુજ ગિરીશ લોડાયા (સેલુ), ઉતીન રાજેશ ધરમશી (ઈન્દોર), ભાવિન અરૂણ નાગડા (સેંધવા), ફાલ્ગુન નિરેશ લોડાયા (ખામગામ), અંકિત તિલકચંદ લોડાયા (તેરા), પિયુષ ચીમનલાલ મૈશેરી (ડોંબીવલી), ઉમંગ વિમલેશ માલદે (જામનગર), મયંક જીતેન્દ્ર મોમાયા (ડોંડાઈચા), નિખિલ ભરત ધરમશી (સેલવાસા), યશ સુનીલ ખોના (સુરત), જીગર નિતીન ધરમશી (વડોદરા), લિનેશ કિર્તીકુમાર લોડાયા (ડોંડાઈચા), સાગર જગદીશ ઘુલ્લા (જામનગર), દર્શન વિપુલ ડાઘા (અમલનેર), દેવાંગ જયકાંત દંડ (આકોલા), વિશાલ શશિકાંત લોડાયા (કોચીન), રિશી ચેતન લાલકા (સેંધવા), વિશાલ ગુણવંત માલદે (જામનગર), સાગર ગુલાબ લોડાયા (રાજકોટ), મૈબિલ ઉપેન લોડાયા (ગાંધીધામ), આશીષ મુકેશ નાગડા (નિમચ), સિધ્ધાર્થ મયુર ખોના (ગાંધીધામ), દર્શન ભરત મુનવર (મલકાપુર), કલ્પેશ દીપક ખોના (ગાંધીધામ), રિતેશ મહેન્દ્ર લાપસીયા (નાંદેડ). મુંબઈ ૭-૨-૨૦૧૨

## અંગ્રેજી સમાવેશથી સખત નારાજગી

સામાન્યમાં સામાન્ય એક-બે ચોપડી ભણેલો જ્ઞાતિજન પણ જ્ઞાતિપ્રવાહથી માહિતગાર રહે એ માટે "પ્રકાશ સમીક્ષા"નું પ્રકાશન શરૂ કરવામાં આવ્યું હતું.. હાલમાં થોડા સમયથી પ્ર.સ.માં અંગ્રેજી ભાષાએ સારો એવો પગપેસારો કર્યો છે. હું આ બાબતમાં સખત નારાજગી વ્યક્ત કરું છું. આ બાબતમાં સામાન્ય જ્ઞાતિજનોના મંતવ્યો અવશ્ય આવકારો, "સંકલન", ,સાભાર, સૌજન્ય તેમજ અન્ય ભાષાઓમાંથી ટૂંકાવીને જેવી બાબતોને રદ કરીને સામાન્યમાં સામાન્ય જ્ઞાતિજનોના વિચારોને પ્ર.સ.માં સ્થાન આપો..

યુવાઓ માટે અંગ્રેજી ભાષામાં અલગ પ્રકાશન બહાર પાડો તો તેમાં કોઈને પણ વાંધો ન હોઈ શકે પણ પ્ર.સ.ને ગુજરાતી પૂરતું જ સીમિત રાખો.

*ગાંધીધામ તા.૧૪-૧-૧૨ - શામજી પદમશી છેડા*

## જૈનોને રાષ્ટ્રીય લઘુમતિ કોમ જાહેર કરાવીએ

એ તો સુસ્થાપિત છે કે જૈન સંસ્કારી અને સુશિક્ષિત સમુદાય છે આ સમુદાય પોતાના મંદિરો તથા સંસ્થાઓ અને અન્યોને દષ્ટાંતરૂપ પુરવાર થાય તેટલી સારી રીતે તેનો વહીવટ કરે છે.

અલબત્ત, સરકાર અન્ય કોમો દ્વારા થતા ગૈરવહીવટથી જૈનોને અલગ પાડ્યા વગર બધા જ ટ્રસ્ટીઓ મંદિરોનો ગેરવહીવટ કરે છે એવા પૂર્વગ્રહથી નવા નવા કાયદા ઘડી બંધન કરે છે. અને એ સરકારી હસ્તક્ષેપથી સૌથી વધુ ભોગવવાનું જૈનોને આવે છે.

ટ્રસ્ટીઓ મંદિરનો ગેરવહીવટ કરે છે એવા બહાના હેઠળ સરકારે હિન્દુઓના બધા મોટા મંદિરો તિરૂપતિ, સિધ્ધિવિનાયક, સાઈ બાબાનો વહીવટ હસ્તક લઈ નેતાઓને અને એમના સગાઓને ટ્રસ્ટી નીમી દીધા.. એ લોકોએ એમની પોતાની ખાનગી સંસ્થાઓ સ્થાપી મંદિરોના દ્રવ્ય તેમાં ટ્રાન્સફર કરે છે. સરકારે આપણાં વેપાર ધંધાઓ તો આચકી લીધા હવે તેને આપણી અઢળક સંપત્તિ ધરાવતા દેવસ્થાનો પોતાના હસ્તક કરવા છે. રાજસ્થાન સરકારે આપણાં કેશરીયાજી તિર્થમાં દેરાસરની પરિસરમાં હિન્દુ, મંદિરો ગેરકાયદેસર બાંધ્યા છે અને દેરાસરની માલિકીની આરસપહાણની ખાણોનો ઈજારો તેના નેતાઓના સગાઓને આપી દીધો છે. આપણું સમસ્ત મહાજન અન્ય જ્ઞાતિ મહાજનો, જૈન સંસ્થાઓની સાથે મળી તુરત જૈન ધર્મને અને જૈનોને રાષ્ટ્રીયસ્તરે લઘુમતીનો દરજ્જો આપી નેશનલ માયનોરીટીઝ કમીશનની હકુમતમાં સામેલ કરવા પગલાં લે તોજ આપણા દેરાસરો પર સરકારનો હસ્તક્ષેપ અને કબજો આવતો રોકી શકાય.

*માટુંગા : ૨૮-૧-૧૨ - રતિલાલ વાલજી ખોના*

# વર્ષોના ઇંતેજાર પછી ઉગે છે ખરેખર સોનાનો સુરજ માભોમ કચ્છ ધરામાં...

વતનના વિકાસના ભાગીદાર થાઓ. સાથીઓ આવતીકાલ આપની હશે. પોતાના વતનમાં અતિથી ન બનવું પડે તે માટે આજેજ જાગો. સુવર્ણતક ઝડપી લો. બાળકો સાથે આપનું પણ જીવન અમૂલ્ય બનાવો. દેશના પ્રથમ ખાનગી પોર્ટમુંદ્રા ગુજરાતની વિકાસગાથા બનવા જઈ રહ્યું છે. મિત્રો, વતનની બ્લુપ્રિન્ટ ઝડપથી બદલાઈ ગયેલ છે. મુંબઈથી પણ આગળ નીકળશે આ બંદર!

**સીરાચા – પાવર પ્રોજેક્ટ**માં પંદર લાખ માનવવસ્તી આજીવીકા મેળવશે. આઠ કાર કંપનીઓ એક્ષપોર્ટના દ્વારે પ્રોડેક્શનની હોડમાં છે. અન્ય અસંખ્ય ઉદ્યોગો કચ્છનાં દ્વારે આવવા રાહ જોઈ રહ્યા છે.

વતનનાં વિકાસનો સુર્ય પુનઃ પ્રજજવલીત થઈ ચુકયો છે. સીંધુ નદીનાં વહેણ ૨૦૦ વર્ષે પાછા વતનની ધરામાં પધારી રહ્યા છે. હવે માત્ર - સુકું - બેકાર - ભેંકાર આપણું વતન નથી રહ્યું. વિકાસની છલાંગ લગાવી ચુકયું છે.

**ખેતર નહીં તો ખોરડું સહી, વતનમાં માથું રાખવાની જગ્યા રાખશો.**

દેશ-દુનીયાની સામે ગુજરાત-કચ્છનો આરીસો ક્ષેત્રફળના હીસાબે ઉપર ઉપસી આવેલ છે. આવતીકાલ આપની તથા આપના પરિવારની હશે. મિત્રો, વિકાસના ગુણ-ગાન આપની સામે છે. સાથીઓ, નાનું રોકાણ ઉજજવલ ભવિષ્ય બનવાની તૈયારી તરફ છે.

**આવો, વતનના હરણફાળ વિકાસમાં**

**આપના સુરને સાર્થક બનાવીએ.**

"માં નર્મદામૈયાનાં પવિત્ર નીર ૨૦૧૫થી પહેલા સિંચાઈ ક્ષેત્રે સાત તાલુકાઓને ઉજજવલ કરશે.

**"જય કચ્છ"** **"જીઓ કચ્છી"**


**શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)–ગાંધીધામ**

**કચ્છમાં આપનું હાર્દિક સ્વાગત છે...**

**આપની સાથે છે... એલ. બી. મોમાયા એન્ડ ગ્રુપ**

ફોન : 098253 51001

E-mail : dadabhalara@yahoo.in

Web site : www.sundevelopers.co.in

# સચ્ચાઈમાતાનો ઈતિહાસ

સેંકડો વર્ષ પહેલા રાજસ્થાનના વીશનગર, ઓશનગરમાં વસવાટ કરતાં આપણા વડવાઓ મૂળ ક્ષત્રિય હતાં જેમાંના કેટલાક પરિવારો જેવા કે પરમાર, ચૌહાણ, શીશોદીયા, ચાવડા, રાઠોડ, સોલંકી વિગેરે પરિવારોએ લગભગ ૧૩મી સદીમાં જૈનાચાર્ય શ્રી રત્નપ્રભસુરીજીના સંપર્ક અને પ્રેરણાથી જૈન ધર્મ અંગીકાર કર્યો. આગળ જતાં વીશનગરના વીશા અને ઓશનગરના ઓસવાળ જે ઓશવાળ જૈન કહેવાયા. જૈન ઓશવાળ જ્ઞાતિના અલગ અલગ ૧૮ ગોત્રના નામકરણ થયા. રાજા ઉત્પલદેવના મંત્રીને મળેલ માર્ગદર્શન અનુસાર જણાવેલ સ્થળે ખોદકામ કરવાથી દેવીની મૂર્તિ મળી આવી. આ દેવીની સ્થાપના અને પુજા અર્ચન કરવામાં આવ્યા. અમુક પ્રસંગે દેવી કોપાયમાન થવાથી નગરજનોને નગર ખાલી કરી જવાનો આદેશ દેવી તરફથી આપવામાં આવ્યો. દેવીના કોપાયમાન થવા બાબતે ફરી જૈનાચાર્યના માર્ગદર્શન અનુસાર અભિષેક, પુજા, અર્ચના કરી થયેલી ભૂલોની માફી માંગતા દેવીએ લોકોને ક્ષમા આપી. શ્રાપમુક્ત બનેલા બધા ભક્તજનોએ આનંદથી ઉંચા અવાજે દેવીને વંદન કરતા કહેવા લાગ્યા તું જ અમારી સચ્ચી આઈ. ત્યારથી આ દેવી શ્રી સચ્ચાઆઈ તરીકે પ્રસિધ્ધ થયા. સર્વે ભક્તોએ શ્રી સચ્ચામાતાને કુળદેવી તરીકે સ્વીકાર્યા.

આ સચ્ચામાતાજીનું મૂળ સ્થાન રાજસ્થાન-મારવાડના ઓશીયા ગામમાં હતું. રાજ્યમાં વિપરીત પરિસ્થીતીને કારણે લોકોએ ઘરબાર છોડી હિજરત કરી અને થરપારકર પાસે કુટુંબો સ્થાયી થયાં જે કચ્છના રણપ્રદેશ પાસે આવેલ છે. થરપારકરમાં પણ ભક્તોનું જીવન આજીવીકા અને અન્ય કારણે વધુ સ્થાયી ન થઈ શકતાં ભકતો કચ્છ પ્રદેશમાં સ્થાયી થયાં ત્યાંથી અમુક કુટુંબો હાલાર પ્રદેશ તરફ ગયા. જે સચ્ચામાતાના દર્શન, જુહાર વિગેરે વિવિધ પ્રસંગોએ અવાર નવાર થરપારકર જવા-આવવાની અડચણો અને અગવડને લીધે ભક્તોએ પૂ. સચ્ચા માતાને વિનંતી અને અરજી કરતાં પૂ.સચ્ચામાતાજીએ ભક્તોની વિનંતી સ્વીકારી અને ગુંદાલા કચ્છના એક વૃધ્ધ માતાના સ્વપ્નમાં આવી અને તળાવની પાળમાંથી પ્રગટ થવાનો પોતાનો આદેશ આપ્યો. તદ્નુસાર બીજે દિવસે સવારે તળાવની પાળ પર ખોદકામ કરતાં સ્વયં પૂ. માતાજી પ્રગટ થયા. લોકોએ ભક્તીભાવથી પૂજા અર્ચન કરી માતાજીની ત્યાં સ્થાપના કરી અને પોતાની શક્તિ અનુસાર માનું મંદિર બનાવ્યું. સામાન્ય શાસ્ત્રોક્ત પધ્ધતિ મુજબ મંદિરનું દ્વાર ઉતર દિશા તરફ રાખવામાં આવ્યું. બીજે દિવસે સવારે આરતી કરવા આવનાર ભાવિકોએ જોયું તો માતાજીનું સ્થાન ઉલ્ટું થઈ અને દક્ષિણાભિમુખ તરફ થઈ ગયું હતું. આ બાબતે પૂ. માતાજીએ સ્પષ્ટતા કરેલ કે હું મારા ભાઈ અક્ષદેવ (જખ્ખ દેવ)ને પીઠ આપીને બેસી ન શકું. આવા સ્વયંભુ પ્રગટ એવા કુળદેવી શ્રી સચ્ચામાતાજીના મંદિરનું પુનઃનિર્માણનું કાર્ય ૧૯૮૫માં શરૂ થયું અને માર્બલનું ભવ્ય મંદિર બાંધવાનું શરૂ થયું અને ૧૯૮૮ના ડીસેમ્બરમાં ગુંદાલા ગામે તળાવની પાળના મંદીરની ભવ્ય પુનઃપ્રતિષ્ઠા થઈ બાળકોની ભક્તિ, શ્રધ્ધા અને પુજન-અર્ચનાના ત્રિવેણી સંગમથી દેદિપ્યમાન મંદિર ઉપર ભાવીકોનો અવિરત પ્રવાહ ચાલુ રહેતો હતો કુદરતની થપાટ સમું ૨૦૦૧માં ભૂકંપમાં સમગ્ર કચ્છ નેસ્તનાબુદ થઈ ગયું. કુદરતે ગુંદાલાનું પૂ. માતાજીનું મંદિર પણ ધ્વંશ પામ્યું. પરંતુ પૂ. માતાજીની મૂર્તિ અખંડ, અજેય રહી. ફરીથી ભાવીકોએ એકત્ર થઈને માતાજીનું સુંદર ભુકંપપ્રુફ મંદિર બાંધવાનો સંકલ્પ કર્યો. મંદીરના બાંધકામની અનેક વિઘ્ન-વિટંબણાને પસાર કરતાં તેમજ સુંદર અને વધુ મજબુત અને કલા કારીગીરી સભર શ્રેષ્ઠ મંદીર બનાવવાના ભાવિકોના પ્રયત્નોથી, હવે આ મંદીર પૂર્ણતાના આરે છે. અને લગભગ ક.દ.ઓ. જ્ઞાતિના **દંડ, ધુલ્લા, ગડા, ખોના, લોડાયા, મૈશેરી અને મોતા** નુખના ભાવિકોના આ કુળદેવીનું મુળસ્થાન સ્વંયભૂ ઉત્પન્ન થયેલ માતાજીના મંદિરમાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાનો અવસર નજીકમાં આવી રહેલ છે. મુન્દ્રા તાલુકાના ગુંદાલાનાં માતાજીના મંદિરની કલા કારીગીરી નયનરમ્ય છે. પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂ. માતાજીને નમતા સર્વે જ્ઞાતિજનોને જેમના કુળદેવી શ્રી સચ્ચાઈમાતા છે તેમણે મુંબઈ કાર્યાલયે ફોન : (૦૨૨) ૨૨૯૧૯૭૭૯/૨૩૮૨૩૩૨૭ પર નોંધ કરાવવા જણાવાયું છે. તેમજ સર્વે ભાવિકોને પધારવા ટ્રસ્ટ તરફથી આમંત્રણ છે.

|| દેવાધિદેવ શ્રી અનંતનાથાય નમઃ || || દેવાધિદેવ શ્રી આદિનાથાય નમઃ ||

નમો નમઃ ગોયમ-સુહમ્મ-આર્યરક્ષિત-જયસિંહ-મેરુતુંગ-ધર્મમૂર્તિ-કલ્યાણ ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો નમઃ

KDO દશાઓની નવી દિશા

ભાંડુપ નગરે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના ઉપક્રમે
મહાનત્યાગી દંતાણીરત્ન પૂ. દાદા ગુરુદેવ આ.ભ.શ્રી **આર્યરક્ષિતસૂરીશ્વરજી** મ.સા. ના
ક્રિયોદ્ધારક, સૂરિપદ, વિધિપક્ષ (અચલ) ગચ્છ પ્રવર્તનની નવમ શતાબ્દિ વર્ષ
તથા શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ની
જન્મ શતાબ્દિ - સંયમ હીરક વર્ષની ઉજવણી પ્રારંભ તથા
**સંઘવત્સલ પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ની મુંબઈ પધરામણીના**

# સામૈયા -પ્રવચન પ્રસંગે ભાવભર્યુ નિમંત્રણ

**: દિવ્યકૃપા - શુભાશિષ :**

ભારતદિવાકર, અચલગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.
તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**શુભ દિન : સં. ૨૦૬૮ના મહા વદ ૧૩ તા.૧૯ -૨-૨૦૧૨, રવિવાર, સવારે ૧૦.૦૦ વાગે**

પ્રણામ સહ જય જિનેન્દ્ર !

આપણી અતિ આગ્રહભરી વિનંતીને માન આપી સાહિત્ય દિવાકર, સૌમ્ય સ્વભાવી પૂ.આ. ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૬- **તથા** પ.પૂ. સાધ્વીશ્રીજીઓ **આ** પ્રસંગે પધારશે.

સં. ૨૦૬૮ના મહા વદ ૧૩ તા.૧૯ -૨-૨૦૧૨, રવિવાર, સવારે ૧૦.૦૦ વાગે ભાંડુપ નગરે પધારતાં છેડા હાઈટસ, એલ.બી.એસ. માર્ગ પાસેથી ભવ્ય સામૈયું કરવામાં આવશે. પૂજ્યશ્રી સાથે અનંતસિધ્ધિ પધારી શ્રી આદીશ્વર જિનાલયે ચૈત્યવંદન બાદ જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથા હોલમાં પ્રવચન રાખવામાં આવેલ છે. જેમાં પૂ. દાદા ગુરુદેવાદિના જીવનની ઝાંખી સહ શતાબ્દિ વર્ષની મહત્તા, એ નિમિત્તે સમુહ વરસીતપનું આયોજન,ધાર્મિક સૂત્ર અભિયાન વિ. પર પૂજય શ્રી પ્રવચન આપશે.

આ સુવર્ણ અવસરે જ્ઞાતિજનોને બહોળી સંખ્યામાં પધારવા નમ્ર વિનંતી છે.

**કાર્યક્રમ સમાપ્તિ બાદ વ્યાખ્યાન સભામાં પધારેલ સાધાર્મિકો માટે સાધાર્મિક ભકિત રાખવામાં આવેલ છે.**

**એજ લી.**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**
**શ્રી કચ્છી દશા ઓસવાલ ભાંડુપ જૈન સંઘ.**

KDO દશાઓની નવી દિશા

**માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર રાપરગઢ આયોજીત**
**મુંબઈ મહાજન સંચાલિત**

શ્રી અજીત શાંતિ પુનઃ પ્રતિષ્ઠા પ્રસંગે સિધ્ધાચલ યાત્રામાં જોડાયેલાં સર્વે જ્ઞાતિજનોએ
તા. ૨૩ -૨-૧૨, ગુરુવાર, બપોરના ૧૨.૩૦ કુર્લા ટર્મિનસ પ્લેટફોર્મ નં. (૫) પર આવી જવું.
બપોરના ચા તથા મીનરલ વોટર, સાંજે ચોવીહાર (બોક્ષ)ની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સંપર્ક : કુમાર દંડ - ૯૩૨૨૬ ૮૦૦૦૮, મુકેશ લોડાયા - ૯૮૩૩૬ ૬૪૪૨૬

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## મહારાષ્ટ એકમ મહિલા મંચ-જલગામ

મંચે તા.૩-૧-૧૨ના વાસૂપુજ્ય દેરાસરજીમાં ગુપ્ત એકાસણાનો કાર્યક્રમ યોજેલ. બપોરે ૧૧.૩૦ વાગે બધી તપસ્વી બહેનો પોતપોતાનું ટિફિન લઈ દેરાસરજીમાં એકત્રિત થઈ હતી. તપસ્વી બહેનોના હાથે જ તપસ્વીઓ માટે પાંચ સરપ્રાઈઝ ઈનામ રાખેલ. જે બહેનના નામની ચિઠ્ઠી ડ્રો નીકળે તેમના માટે એક સરપ્રાઈઝ રાખવામાં આવે. જેમાં સામુહિક ગુરૂવંદન કરાવવું સૌ. મધુબેન મોતાને, સામુહિક ચૈત્યવંદન કરાવવાનો સૌ. મધુબેન લાપસિયાને, પૂ.મ.સા.ને પ્રથમ વહોરાવવાનો લાભ શ્રીમતી ચંદનબેન નાગડાને, ચૈત્યવંદન સમયે સ્વસ્તિક કાઢી ફળ નૈવેદ્ય ધરાવવાનો સૌ. નિલમબેન મૈશેરીને અને અષ્ટપ્રકારી પુજાનો થાળ પ્રભુ સમક્ષ ધરાવવાનો લાભ સૌ. ભાગ્યવંતીબેન મોમાયાને મળેલ. ત્યારપછી સૌ પ્રદક્ષિણાનો દુહો બોલતાં પ્રભુને ૩ પ્રદક્ષિણા આપી. સામુહિક ચૈત્યવંદન, સામુહિક ગુરૂવંદનનો લાભ લઈ ભોજનશાળામાં ટિફીન લઈ પધાર્યા. પહેલા ટિફિનો રાખી ભોજનકક્ષની બહાર પધારેલ તપસ્વીઓના દૂધ-પાણીથી અંગુઠા ધોઈ-પુછી દરેકને કેસર-બાદલાનો તિલક કરી સન્માનપૂર્વક ભોજનકક્ષમાં એકઠા કરવામાં આવ્યા. લાવેલ ટિફિનો પર ગુપ્ત નંબર ચિટકાડવામાં આવ્યા હતા. તપસ્વીઓને ફરી વારાફરતી એ નંબરોની એક ચીઠ્ઠી ઉપાડવાની હતી. જેને જે નંબર આવ્યો હોય તેને તે જ નંબરનું ટિફિન લઈને એકાસણું કરવાનું હતું. આમ દરેક માટે વિવિધતા ખાતર ગુપ્ત હતું. બધા ખૂબ જ ભાવથી વિવિધ વાનગીઓ ટિફિનમાં બનાવી લાવેલ. સૌ એકબીજાને વાનગીઓ ચખાડવા આતુર હતા. મહિલામંચ તરફથી મસાલાવાળુ દુધ, ચા, છાશ, કેળાં અને મુખવાસ રાખવામાં આવેલ. દરેક તપસ્વીઓના પાટલા આગળ સુંદર રંગોળી કાઢવામાં આવેલ. સૌએ ભાવપૂર્વક શાતાથી એકબીજાના ગુપ્તપણે ટિફિનથી એકાસણા કરવાનો આનંદપૂર્વક લાભ લીધો. ફરી આવી રીતે એકાસણા રાખવાનો સૌએ સુર દર્શાવ્યો. આયોજકોને પણ એમાં ઉત્કૃષ્ટ આનંદ મળ્યો. ભાવપુર્વક બનાવેલી વાનગીઓ સુપાત્રે વહોરાવી એકાસણા કરવાની ખુશી થઈ. નવા વર્ષે આ નવી રીતથી ધર્મારાધના કરવાનો હર્ષ અનુભવ્યો. દરેક મહિલામંચ તરફથી રૂા.૧૦ ની લહાણી થઈ. તપસ્વીઓ પણ પ્રભાવના કરવામાં આગળ રહ્યા. કુલ રૂા.૮૨ની પ્રભાવના થઈ. મહિલામંચે સાધારણ ખાતામાં રૂા.૫૦૧/- લખાવ્યા. અનુમોદના કરતાં એકબીજાને શાતા પૂછતાં સૌ છુટા પડ્યા.

## શ્રી ડાઘા મોમાઈમા મિત્ર મંડળ

માતુશ્રી મેઘબાઈ ભાણજી ડાઘા અને સૌ. અનુપમાબેન આણંદજી ડાઘા પરિવારના સૌજન્યથી શ્રી ડાઘા મોમાઈમા મિત્ર મંડળના ઉપક્રમે શ્રી મોમાઈમાની ૨૧મી સમૂહ પહેડી મોહના દેરાસરના હોલમાં ઉજવાઈ. સવારના ૯ થી બપોરના ૧.૩૦ સુધીમાં માતાજીની સ્થાપના, શણગાર, દિપધૂપ, જૂહાર, ભક્તિભજન, રાસગરબા, આરતી, નિયાણી જમણ, મહાપ્રસાદ વગેરે વિધિ રીતીઓ સાથે આનંદ અને ઉલ્લાસમાં કરવામાં આવી. ભક્તિ ભાવના તેમજ માતાજીની ધૂન મોહનાના કલાકારોએ સંગીતના સથવારે કરી. ૧૭૫થી પણ વધુ ભાવિકોએ પહેડીનો લાભ લીધો.

બપોરે વરાડીયાના ડાઘા કુટુંબીજનોનું સ્નેહમિલન રાખવામાં આવ્યું હતું. જેમાં બાળકલાકારોને પ્રોત્સાહન, ઉચ્ચ શિક્ષણ અભિવાદન, તપસ્વીઓનું બહુમાન, રસભર રમતો, વાર્ષિક હિસાબો, ઈનામ વિતરણ તેમજ અલ્પાહાર બાદ સાંજના ૫ વાગે કાર્યક્રમ પૂર્ણ થયેલ.

## ગોએરસમા-બારોઈ દેરાસરનો ધ્વજારોહણ

ગોએરસમા અને બારોઈના જિનાલયની વર્ષગાંઠ નિમિતે ધ્વજારોહણ ઉત્સવ પૂ.સા.શ્રી નંદીષેણાશ્રીજી




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

મ.સા.આ.ઠા.ની નિશ્રામાં શ્રી નરેન્દ્રભાઈ નંદુના માર્ગદર્શને ઉમંગે ઉજવાશે. સર્વે ગામવાસીઓને પધારવા આમંત્રણ છે. તા.૮-૩ ના અઢાર અભિષેક અને ૯-૩ના ધ્વજારોહણ રહેશે. બારોઈની ધ્વજાનો લાભ શ્રી કાંતિલાલ ખીમજી ગોસર પરિવારે લીધેલ છે. જ્યારે ગોએરસમાની ધ્વજાનો ચડાવો ૮-૩ ના બોલાવાશે. બન્ને ગામના દાતાઓએ સંપુર્ણ અવસરનો લાભ લીધેલ છે.

## પૂ. આ. શ્રી કલાપ્રભસાગરસુરીનો વિહાર કાર્યક્રમ

પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.૭ રાજસ્થાન ગુજરાત થઈ મુંબઈ પધાર્યા છે. પૂ. આર્યરક્ષિતસુરીજીની નવમ શતાબ્દિ અને પૂ.આ.ગુણસાગરસુરીજીની જન્મ શતાબ્દિ વર્ષની ઉજવણીનો પ્રારંભ થયો છે. વિવિધ સંઘોમાં આ પ્રસંગે ધર્મ આરાધના અનુષ્ઠાનો-પ્રવૃતિઓ કરી વર્ષભર ઉજવણી કરાશે. નાલાસોપારા-વસઈમા મંગલ વિધાનો અને દીક્ષા બાદ તા.૨૯ અગાશી, તા.૩૦થી ૩ ફેબ્રુ. વિહાર, તા. ૩ ઘોડબંદર, ૪ મીરારોડ-દહીસર, તા.૫ થી ૭ બોરીવલી, તા.૮-૯ કાંદીવલી, તા.૧૦ દહીસર રાવલપાડા, તા.૧૧ કાસાર વડવલી, તા.૧૨ થાણા,કલવા તા.૧૩ ગુણવિહારધામ, તા.૧૪થી ડોંબીવલી સ્થિરતા અને તા.૧૫ ના ડોંબીવલી નવનીતનગરમાં જિનાલય શિલારોપણ વિધિ કરાવશે.

## શ્રી મયુર વિનોદ ધુલ્લા

શ્રી મયુર વિનોદ ધુલ્લા (સુથરી)એ ઓસ્ટ્રેલીયામાં માસ્ટર ઓફ ઈન્ટરનેશનલ બીઝનેસની પદવી લઈ ત્યાંની ઓપટ્સ કાં.માં ઉચ્ચ હોદાપર કાર્યરત છે. તેમની શ્રેષ્ઠ કામગીરીને ધ્યાનમાં રાખી ગ્રુપ કંપનીની પ્રગતિ બદલ સેલ્સ માટેનું વિશિષ્ટ એવોર્ડ એનાયત કરવામાં આવેલ. કંપનીએ તેમને વિશેષ પ્રોત્સાહનો આપીને તેમની કાબેલીયતને બિરદાવેલ છે.

## ભલારાદાદા સ્થાનક : લાલપર

તા.૭-૨-૧૨ના અને ૮-૩-૧૨ના પુનમ છે. દર પુનમે વીસેક યાત્રીકો લાલપુર જાય છે. ત્યાર બાદ ૨૩-૩-૧૨ના મુંબઈ મુકામે દાદાની સમુહ પહેડી અને એપ્રીલ ૪/૫ અને ૬ના લાલપુર પહેડીધજા મહોત્સવ છે. દર પુનમે જનારા ભાવિકો આરતી, પહેડી, પ્રસાદ, ભક્તિ ભાવનાની રમઝટ જમાવે છે. વધુ સંખ્યામાં ભાવિકોને જોડાવા આમંત્રણ છે.

## નૂતન ભાવના મંડળ-જલગામ

નવી કારોબારી : સૌ શિલ્પા કલ્પેશ છેડા-પ્રમુખ, ચંદન દેઢીયા-ઉપપ્રમુખ, વર્ષા દેઢીયા-સેક્રેટરી, ચેતના મોમાયા-ખજાનચી, સભ્યો-રચના શાહ, ધરતી શાહ, અંજલી લાપશીયા, કલ્પના શાહ, કુસુમ કેનીયા અને શ્રીમતિ મંજુલા ઓશવાલ.

મંડળ દ્વારા સંક્રાંતી અને ૨૬મી જાન્યુઆરીનો કાર્યક્રમ ઉત્સાહથી ઉજવાયેલ. જેમાં માજી પ્રમુખ સૌ. ચેતના શાહે પ્રસંગોચિત ઉદ્‌બોધન સાથે નવા વરાયેલા પ્રમુખ શિલ્પા છેડાને પદ સોંપેલ અને બહુમાન કરેલ.

આ પ્રસંગે શિલ્પા છેડાએ નવી કમીટીના સભ્યોનું હલદી-કુંકુ ભેટ આપી સ્વાગત કરેલ. વડીલોની હાજરીમાં ઉજવણી કરેલ. વાડીને ભવ્ય રીતે શણગારેલ. અલગ અલગ રાજ્યોની વેશભુષા કરી એકતાના પ્રતીક રૂપે રજુ કરેલ.

પ્રમુખ સૌ. શીલ્પા છેડાએ મંડળની ભાવિ પ્રવૃતિઓ વિષે માહિતી આપેલ. તા.૩-૩-૧૨નાં જલગામથી પાલીતાણા છ ગાવની યાત્રા કાઢવી, આનંદ મેળા, ધાર્મિક પ્રવૃત્તિ, યાત્રા કાઢવી મહિલા ઉદ્યોગ સ્થાપવા, શૈક્ષણીક પ્રવૃતિ વગેરે યોજના જાહેર કરેલ.

૨૬મી જાન્યુઆરીના દેશ ભક્તીના ગીતોનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં પ્રથમ સૌ. રીના મૈશેરી તથા દ્વિતીય શ્રીમતી હેમાબેન શાહ આવેલ. કુ. રાશી છેડા એ દેશ રંગીલા નૃત્યુ રજુ કરેલ. અલ્પાહાર લઈ સૌ છુટા પડ્યા.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ.સા.શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને, જ્ઞાતિના સહકારે ટ્રસ્ટ સુંદર પ્રવૃતિઓ કરી રહ્યો છે. કાયમી તિથીના દાતાઓ શ્રી ડુંગરશી ધનજી દંડ (હુબલી) હ. માનબાઈ આણંદ


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
TAN MAN 1985 25th 2010 SILVER JUBILEE YEAR
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

પરિવાર, ગંભીરદાસ છોટાલાલ જોશી (સિયોર), ભવાનજી ગોસર (હૈદ્રાબાદ)-જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની કાળધર્મ તિથી નિમિતે, લક્ષ્મીબેન હેમરાજ મોમાયા (વરાડીયા-મુલુન્ડ), રમીલાબેન માણીલાલ ભઠારા (ઘાટકોપર) હ. રૂપમભાઈ, જેતબાઈ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીગસગામ) હ. તિલોતમાબેન રાજેન્દ્ર લોડાયા, માણીબાઈ મુલજી લાલજી નાગડા હ. કાંતિભાઈ (ઔરંગાબાદ), કે.કે. દોશી (ચાલીસગામ), નવલબાઈ દામજી ધરમશી (વરલી), મોતીલાલ ખીમજી લાપસીયા (મુલુન્ડ) હ. સરલાબેન.. વધુ માટે સંપર્ક સૌ. સીમા કુલીન શાહ ફોન (02589) 222230

### સોલાપુરમાં જાગૃતિનો માહોલ જામ્યો

સોલાપુરના આંગણે ગુણસિન્ધુસૂરિ પરિવારના પ્રવચન પ્રભાવક શ્રી દેવરત્નસાગરજી ઠા.૯ પધારતાં સમ્રાટ ચોકથી સામૈયું કરાયું. અચલગચ્છના સા.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી ઠા..૩ પણ પધારેલ.. ૧૨ દિવસીય જયવિરાયસૂત્ર પર પ્રવચનો પ્રેરણાદાયી રહ્યા.. અચલગચ્છાધિપતી પૂ.આ.શ્રી ગુણસાગરસૂરિજીની જન્મ શતાબ્દિ વર્ષે પ્રેરણાં કરતાં ૫૦ આરાધકો ૫૦૦ એકાતરા આયંબિલમાં જોડાયા.. તા.૨૯ થી આયંબિલ શરૂ થયા.. આયંબિલના દાતાઓ પણ નોંધાયા. પૂનમચંદ ઓશવાલ પરિવારે પંચાન્હિકા મહોત્સવ આયોજન કર્યું. ૧૮ અભિષેક, સિદ્ધચક્ર મહાપૂજન, પાર્શ્વ પદ્માવતી પૂજન.. આદિનાથ પંચકલ્યાણક અને સત્તરભેદી પૂજા ભણાવાઈ. પૂજ્યશ્રીની પ્રેરણા ઝીલી એ પરિવારે અહિંસા ગૌશાળામાં ઉપાશ્રય બનાવવાની જય બોલાવી.. પુ.શ્રી દેવરક્ષિતસાગરજીની ૫૧મી, તત્વરક્ષિત મ. ની ૩૦, મેઘરક્ષિત સાગરજીની ૨૧ તથા ચૈત્યરક્ષિતસાગરજીની ૧૮મી વર્ધમાન તપની ઓળી ચાલે છે. બીજાપુર તરફ વિહાર છે. ફેબ્રુઆરી તા.૧૦ સુધી બીજાપુર સ્થિરતા રહેશે. સા.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી ઠા.૩ ના ૧૯/૪ સુધી સોલાપુર શાંતિનાથ પ્રભુ પ્રતિષ્ઠા સુધી રોકાશે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઈમ્બતુર

તા.૨૨-૧-૧૨ રવિવારના અમારા ગામની દીકરી મુમુક્ષુ શ્રીમતી હંસાબેન જીતેન્દ્ર શાહ (શ્રીમતી પુષ્પાબેન રાયચંદ લોડાયા (કુવાપધરના દીકરી) તેમજ મુમુક્ષુ કુ. તોરલ જીતેન્દ્ર શાહ જેઓ તા.૬-૨-૨૦૧૨ના સયંમ પંથે પ્રયાણ કરી રહ્યા છે. તેમની શોભા યાત્રા તેમજ બહુમાનનો કાર્યક્રમ રાખવામાં આવેલ.. નુતન જિનાલય માટેનું કાર્ય શરૂ કરવાનાં હેતુ થી હાલ ગૃહ જિનાલયમાં બિરાજીત મુળનાયક શ્રી મુનિસુવ્રત દાદાને બાજુના મકાનમાં સકળ સંઘ સાથે વાજતે-ગાજતે વિધી-વિધાન સાથે બિરાજમાન કરવામાં આવેલ.. ત્યાર બાદ સામુહીક સ્નાત્ર પુજા ભણાવી શાંતિકળશ દીક્ષાર્થી બહેનો દ્વારા કરવામાં આવેલ.. શ્રી પ્રભુજીને બિરાજીત કર્યા બાદ દીક્ષાર્થીઓનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવેલ.. જેમાં બહોળી સંખ્યામાં સંઘના સભ્યોએ હાજરી આપેલ.. ત્યારબાદ મહાજનના પ્રમુખ શ્રી અનિલ દેવશી ડાઘા તથા તેમના ધર્મપત્ની શ્રીમતી કુસુમબેન અનિલ ડાઘાના હસ્તે દીક્ષાર્થી બહેનોનું શાલ ઓઢાડી, અભિવાદન પત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે સંઘ આયોજીત સ્વામીવાત્સલ્યનો લાભ લઈ સર્વે છુટા પડેલ.

### લાલા તીર્થે ધ્વજારોહણ મહોત્સવ

મહા સુદ ૫, ૨૮-૧-૧૨ના લાલા તીર્થે શ્રી ચંદ્રપ્રભુજી જિનાલયે ધ્વજારોહણ ધામધુમથી ઉજવાયેલ.. આ પ્રસંગે અગ્રણીઓ શ્રી કુસુમકાન્ત ટોકરશી નાગડા અને શ્રી સૂર્યકાન્ત હીરજી દંડ ઉપસ્થિત રહ્યા હતા.. સ્થાનિક તેમજ મલકાપુર-અંકલેશ્વર-મુંબઈથી આ પ્રસંગે ગામવાસીઓ સારી સંખ્યામાં પધારેલ.. સાધર્મિક ભક્તિ માતુશ્રી વિજયાબેન ટોકરશી નાગડા હ. કુસુમકાન્તભાઈ તથા માતુશ્રી માણીબાઈ હીરજી દંડ હ. સૂર્યકાન્તભાઈ તરફથી હતી..

### શ્રી ક.દ.ઓ. જૈન સમાજ-વડોદરા

સમાજના ભક્તજન પરિવાર તરફથી મહાકાળીની તૃતિય પહેડી અને મહાપુજન પૂ.યતિશ્રી મોતીસાગરજીના નિશ્રામાં ૨૯-૧-૧૨નાં યોજાયેલ..

### સુરિ ગુણસિંધુના જન્મ શતાબ્દિ વર્ષે વરસીતપ આરાધના

પૂ.આ.શ્રી ગુણસાગરસુરીજીના જન્મ શતાબ્દિ વર્ષનો શુભારંભ દબદબાપુર્વક થયો.. પૂજ્યશ્રીના સ્મરણાર્થે સકલ સંઘમાં વરસીતપ આરાધના અભિયાન આદરાયું છે. વરસીતપ


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

સંકલ્પનો વ્રત ઉચ્ચારણ તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિશ્રી ૭૨ જિનાલયે કરાવશે અને મુંબઈમાં પૂ.સા.શ્રી કલાપ્રભસાગરસુરીજી ચીચબંદર વાડીમાં કરાવશે. તા.૧૫-૩-૧૨ના સવારે ૯.૩૦ વાગે આ પ્રસંગે તપસ્વી ભાવિકોને પધારી લાભ લેવા અનુરોધ છે.

### વડાલામાં શ્રી ગુણસાગરસુરિશ્વરજી જન્મ શતાબ્દી ઉજવણી

પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ.સા.ના જન્મશતાબ્દી તમજ દીક્ષા હીરક જયંતી વર્ષ નિમિતે વડાલામાં પાંચ દિવસીય ૨૩ થી ૨૭-૧-૧૨ સુધી વિવિધ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવેલ. તા.૨૩ના સંઘતરફથી બહેનોએ સમુહ સામાયિકનું આયોજન, ૨૪મીના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક મોટી પૂજા શ્રી વીર ભગિનીમંડળે રાગરાગિણીથી ભણાવેલ. ૨૫મીના જન્મ દિવસે સંઘના ભાઈ-બહેનોએ નવકાર મંત્રના જાપ રમઝટ બોલાવેલ. ૨૬મી ના શ્રી દેવેન્દ્ર વેદાંતે સંગીતના સથવારે શ્રી સુરેશ રામજી નાગડા પરિવાર (રંગપુર) તરફથી સ્નાત્ર મહોત્સવની ઉજવણી કરી. ૨૭મીના પાઠશાળાના બાળકોની કંઠસ્થ ગાથા હરિફાઈ યોજાઈ. ઉજવણી દરમ્યાન રાત્રીના આંગી ભાવના હતી. અનુષ્ઠાન બાદ રૂા.૧૦ની તેમજ જન્મદિવસે લાડુની પ્રભાવના થઈ. આ પ્રસંગે સંઘના બાઈબહેનોની બહોળી હાજરી રહેલ.

### વડાલામાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન

મુંબઈ વડાલામાં માતુશ્રી દેવકાંબાઈ ભાણજી મેઘજી લોડાયા-દલતુંગી વાળાના પુત્રવધુ અ.સૌ. તરલાબેન હરીશ લોડાયાએ શ્રી શંત્રુજય મહાતીર્થની ૯૯યાત્રા કરેલ તે નિમિત્તે તેમના પરિવાર તરફથી ૨૮-૧-૧૨ના સવારના શ્રી સિદ્ધચક્ર મહાપજૂનનું આયોજન કરેલ. આ મહાપૂજન પંડતિવર્ય શ્રી વિશાલભાઈ ધરમશીએ વિધિવિધાનપૂર્વક સંગીતના સથવારે રાગરાગીણીથી ભણાવેલ. જેમાં આમંત્રિત શ્રાવક/શ્રાવિકોને સાધર્મિક ભક્તિની વ્યવસ્થા તથા સૌને ટ્રાવેલીંગ બેગની પ્રભાવના થયેલ.

### ભાંડુપ

પૂ.આ.ભ. શ્રીમદ્ મોહજિત વિજયજી મ.સા. (પંડીત મ.સા.) આ.ઠા. ૩૬ આદેશ્વરદાદા દરબારે પધારતાં ભાંડુપના સકળ શ્રી સંઘોએ ઠેર ઠેર ગહુંલીઓ શણગારેલા બેડાં, ઢોલ-શરણાઈ અને અનંતમિત્ર મંડળ દ્વારા પખાવાજ સાથે ભવ્યાતિભવ્ય સામૈયું કર્યું. પૂ.શ્રીએ બે દિવસ જિનવાણીનો ધોધ વહાવતાં સંપૂર્ણ હોલ છલકાયો. વ્યાખ્યાનમાં તત્વપૂર્ણ સવાલોની પૂજ્યશ્રીએ સહજ સમજ આપી.

સૌરાષ્ટ્ર દુગ્ધાલયના માતુશ્રી વિમલાબેન ચત્રભોજ મહેતા (ધિટીવાળા) પરિવારે સાહેબજીના આગમને નવકારશી બે ટાઈમ સ્વામિભક્તિ, પૂજા-આંગી-ભાવના અને સંઘપૂજન તેમજ જિનાલય સજાવટનો ઉછળતા ભાવે લાભ લીધેલ.

શ્રી ક.દ.ઓ. જૈન સંઘે વ્યવસ્થા અને વૈયાવચ્ચ સંભાળી.

### કચ્છ યાત્રા

શા. ગોવિંદજી આણંદજી નાગડા (તેરા, નાંદેડ) પરિવાર દ્વારા કચ્છ યાત્રાનું આયોજન કરાયું જેમાં નાંદેડથી ૩૦ કુટુંબીજનોને ભદ્રેશ્વર, મુંદ્રા, વાંકી દેરાસરજી, અંજાર (જેસલ તોરલની સમાધિ) તથા દેરાસરજી, ભુજપુર, દેરાસરજીઓ, મોટી ખાખર, નાની ખાખર, બીદડા દેરાસરજી, જેસલપર, કોડાય, રાયણ, માંડવી, ડોણ, તેરા, નલીયા, કોઠારા, જસાપર, લાલા, દેઢીયા, સુથરી, જખૌ, વારાપધર, માતાના મઢ, હાજીપીર, ભુજ, ભુજોડી વિગેરે સ્થળોને તીર્થોનો સાતેક દિવસ સહપ્રવાસ કરી કુટુંબવત્સલ સંબંધો ગાઢ કર્યા.

### નાગપૂરમાં મહાકાળી માતાની ભાવના

૨૦૧૨ નુતન વર્ષની શુભબેલામાં દર આઠમે શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવીશ્રી મહાકાળી માતાની ભાવના ૧ જાન્યુઆરીના નાગપૂર મહાજન પ્રમુખ સત્યેન્દ્રભાઈ મુલજી લોડાયાના ઘરે રાખવામાં આવી હતી. અલ્પાહાર પ્રસાદનો લાભ લઈને સહુ છુટા પડ્યા હતા.

**મહિલા મંચ :** મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ, નાગપૂરની માસિક સભા નુતન વર્ષે ૧ જાન્યુઆરીના આશાબેન લોડાયાના ઘરે રાખવામાં આવી હતી. મહિલામંચ ઉપપ્રમુખ પ્રગતિ ખોનાની અધ્યક્ષતામાં ૨૯ જાન્યુઆરીના મહિલામંચના સ્થાપના દિવસની ઉજવણીના કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બહેનોએ નવવર્ષની એક-બીજાને શુભેચ્છા આપી હતી. આભાર કાજલ પોલડીયાએ માન્યો.

**મહિલામંચની પીકનીક :** મહારાષ્ટ્ર એકમ મહિલા મંચની પિકનીક ૧૪ જાન્યુઆરીના નાગપૂરમાં લતા મંગેશકર ગાર્ડનમાં રાખવામાં આવી હતી. સારી સંખ્યામાં આવેલી બહેનોએ આકાશમાં ઉડતા પતંગોનો આનંદ માણ્યો હતો. બાળકોએ વિવિધ ઝુલાઓ તથા રમતગમ્મતના સાધનોથી અને સૌએ ઘરમાંથી બનાવીને લાવેલ વિવિધ વાનગીઓનો આનંદ માણ્યો હતો.

**મહિલા મંચનો સ્થાપના દિન :**

મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-નાગપૂર ચોથા સ્થાપના દિવસ પર જલારામ મંદિરમાં દરિદ્રનારાયણ ભોજનના આજીવન સદસ્ય હોવાથી ૨૯ જાન્યુઆરીના સવારે ૧૦.૩૦

વાગે મહિલામંચ પ્રમુખ પુનમબેન મોમાયા તથા મધુબેન મુનવર જલારામ મંદિરમાં પીરસદારી કરવા માટે ગયા હતા.. અહીં રોજ સવારે ૧૫૦ ગરીબો જમવા આવે છે. આ વખતે પ્રફુલભાઈ મોમાયાએ પણ પીરસદારી કરી હતી..

૨૯ જાન્યુઆરીના નાગપૂરના પંચવટી આશ્રમમાં મંચની બહેનો બપોરે ૩.૩૦ વાગે નાસ્તાના પેકેટ લઈને ગઈ હતી.. આશ્રમમાં ૭૨ વૃધ્ધો વાસ કરે છે. ભાવનગરી ગાઠીયાના સ્પોન્સર ફ્રેનલબેન લોડાયા તથા રસગુલ્લાના સ્પોન્સર જ્યોતિબેન કારાણી હતા.. મહિલામચંના ચોથા સ્થાપના દિવસનો આનંદ મંચની બહેનોએ સમાજસેવાના માધ્યમથી માણ્યો હતો.. આ વખતે મંચ પ્રમુખ પુનમબેન મોમાયા, ઉપપ્રમુખ પ્રગતિ ખોના, સેક્રેટરી કાજલ પોલડિયા, મીનાબેન લોડાયા, રિધ્ધિ પોલડિયા અને અન્ય બહેનોએ એકબીજાને ચોથા સ્થાપના દિવસની શુભેચ્છાઓ આપી હતી.. એજ દિવસે વિદર્ભ કેમીસ્ટ અસોસિએશનના પ્રમુખનો જન્મ દિવસ હોવાથી ૧૫-૨૦ કેમીસ્ટોએ વિવિધ જરૂરીયાતની દવાઓ આપી હતી..

**મહાકાળી માતાની ભાવના :**

દર આઠમની નિયત મહાકાળી માતાજીની ભાવના ૩૧ જાન્યુઆરીના રીષી સત્યેન્દ્ર લોડાનાના ઘરે એમની પુત્રીના જન્મદિવસની ખુશાલીમાં રાખવામાં આવી હતી.. બહેનોએ ભાવનામાં રમઝટ જમાવી હતી.. અલ્પાહાર, ગરમ દુધ અને પ્રસાદનો બધાએ લાભ લીધો હતો.. આ ભાવનામાં કાટોલ, ખામગામથી મહેમાનો પધાર્યા હતા..

**ગુજરાતી સમાજ નાગપુર**

ગુજરાતી મહિલા સમાજે ૩૧ જાન્યુઆરીના ફ્રેન્સી ડ્રેસ, શિયાળુ પાક તથા ઉંધિયાની સ્પર્ધા રાખવામાં આવી હતી.. મહિલા સમાજમાં લગભગ ૨૫૦ મહિલાઓની હાજરી હતી.. ૪૫૦ બહેનો સદસ્ય છે. સક્રાંત નિમિત્તે બધી બહેનોને ભેટ આપવામાં આવી હતી.. ફ્રેન્સી ડ્રેસમાં સૌ.. ખમા (પુનમ) પ્રફુલ મોમાયા કચ્છી મહિલા બન્યા હતા અને "કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા" પર પ્રકાશ નાખ્યો હતો.. શિયાળુ પાક સ્પર્ધામાં પુનમબેને કચ્છી ચોકલેટ અળદનો લોટ, ગુંદ અને સુકા મેવાથી બનાવેલ એમાં એમને પ્રથમ પુરસ્કાર મળ્યો હતો.. વિવિધ સમાચાર પત્રોમાં તેમજ UCN TV Channel પર નોંધ લેવામાં આવી હતી.. વાનગી સ્પર્ધામાં બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો..

**કચ્છી જૈન સમાજ-ઇંદોર**

કરજત (મુંબઈ)મા યોજાયેલ યંગતરંગ ૨૦૧૧માં ઇંદોરના દશ યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. જેમાં સોલો સંગીત વિભાગમાં રાણી રાજેન્દ્ર મોમાયાને દ્વિતીય ઈનામ તથા સ્કીટ વિભાગમાં ભક્તિ ગિરીશ મૈશેરીને સ્પેશ્યલ ઈનામ મળ્યાં હતાં..

**શ્રી કદઓ જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ**

મંડળ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના ૪-૩-૧૨ના રવિવારના રાતે ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી દેવજી દામજી ખોના પરિવાર (જખૌ)એ લીધેલ છે. આગામી ભાવના ૨૫-૩-૧૨ના શ્રી હીરેન શામજી નાગડા પરિવાર (જખૌ) તરફથી રાખેલ છે.

**જખૌમાં પૂ. ગચ્છાધિપતિશ્રીનું ભવ્ય સામૈયું**

પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીજી મ.સા.આ.ઠા.. તા.૧૦-૨-૧૨ના લાલાથી જખૌ પધારતાં. પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત કરવા જૈન-જૈનેતરોસહીત સોએક જણા હાજર રહ્યા હતા. પૂજ્યશ્રીનું વાજતે ગાજતે સામૈયું થયું. પુજ્યશ્રીએ તીર્થવંદન કરી સંઘને માંગલિક લાભ આપેલ.. વ્યાખ્યાન બાદ પેંડાની પ્રભાવના માતુશ્રી ધનબાઈ હંસરાજ શિયાળ તથા માતુશ્રી જયાબાઈ ગોવિંદજી મૈશેરી તરફથી થઈ. દરેકને રૂા.૧૧૦નું સંઘપુજન કરવામાં આવેલ.. પુજ્યશ્રી બે દિવસ રોકાણ કરી નલીયા તરફ વિહાર કરેલ.

**કચ્છ રણોત્સવ છ માસ સુધી ચાલશે**

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે કચ્છના ધોરડામાં યોજાતા એક માસના રણોત્સવમાં દેશ-વિદેશના ટુરિસ્ટો મોજ માણવા આવે છે અને સફેદ રણનો લુત્ફ ઉઠાવે છે. હવે આ લુત્ફ ટુરિસ્ટો એક માસ માટે નહીં, પણ છ માસ સુધી ઉઠાવી શકે તેવું સ્થાનિક ગેટ વે ટુ રણ રિસોર્ટ સમિતિ દ્વારા આયોજન થયું છે.

સફેદ રણની ચાંદની તથા કુદરતના અહીં ફેલાયેલા અપ્રતીમ સૌંદર્યને માણવા લોકો ઉમટ્યા હોય છે. આખું વર્ષ અહીં રણોત્સવ જેવો માહોલ હોય તેવી પ્રવાસીઓની ઇચ્છાને પગલે હવે ગેટ વે ટુ રણ રિસોર્ટ સમિતિ દ્વારા નવેમ્બરથી એપ્રિલ દરમિયાન આ સમયે રણમાં પાણી સુકાઈ જતાં હોવાથી દર માસની પૂનમે રણોત્સવ પ્રતિકૃતિરૂપે રણસફારી ઉત્સવ યોજાશે..

જેમાં દર પૂનમે પેકેજ ટુરનું આયોજન થશે જે અંતર્ગત રિસોર્ટમાં બનાવાયેલા કલાત્મક ભૂંગા (રૂમ)માં રહેવા ઉપરાંત રણમાં કેમલ સફારી, દેશીખાણું તથા સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતનો પેકેજમાં સમાવેશ કરી ટુરિસ્ટોને રણસફારી કરાવાશે..

# ટૂંકી વાર્તા : જનેતાનું મૃત્યુ

સવારનો છથી સાતનો સમય એટલે માર્થાનો પોતાનો સમય, જેમ બને તેમ જલ્દી ઉઠીને તળાવની ફરતેના સુંદર મજાના બગીચામાં લટાર મારવા જવું એને એટલું ગમતું કે, એક દિવસ માટે પણ ચાલવાનું ગુમાવવું એને પોસાતું નહીં. ચાલીને આવે અને ઘરમાં પગ મૂકે એ ઘડીથી જ શરૂઆત થઈ જતી.

"મમ્મા, આજે બ્રેક ફાસ્ટમાં શું બનાવીશ?"

"મારાં કપડાંને ઈસ્ત્રી નથી કરી? જલ્દી કરી આપ, નહીં તો મારી સ્કૂલ બસ આવી જશે."

"મમ્મા, આજે જરા જુદી સ્ટાઈલમાં બે પોની વાળી આપને, રોજ એક સરખી એક જ પોની વાળ્યા કરે છે તે!"

બાર વર્ષનો મોટો દીકરો અને પછી નવ વર્ષનાં જોડિયાં દીકરો અને દીકરી. આ ત્રણેને મોટાં કરતાં અને ત્રણેની નવી નવી ફરમાઈશ પૂરી કરતાં માર્થાને નાકે દમ આવી જતો. સવારે સાતથી માંડીને રાતના દસ સુધી એ જાણે ઘાણીએ બાંધેલા બળદની માફક પોતાના ઘરસંસાર ફરતે ગોળ-મોળ ચક્કર લગાવ્યા કરતી. તેથી જ એ એવું અનુભવતી કે, સવારની એક કલાક ચાલવાની કે દોડવાની કસરત એને આખા દિવસના કામને પહોંચી વળવા જેટલી ચુસ્ત રાખે છે.

આજે એ રોજ કરતાં ય થોડી વહેલી બગીચામાં પ્રવેશી અને જોયું કે, સૌથી પહેલી આવનાર હું જ છું. અડધો કલાક એકધારું જોગીંગ કરીને એ થાકી ગઈ. વાતાવરણમાં ઠંડક હતી તોય એના કપાળેથી પરસેવો નીતરતો હતો. વયસ્કોરોને બેસવા માટેના બાંકડા પર બેઠેલી સ્ત્રીએ માયાળુ સ્મિત કરતાં કહ્યું.

"બહુ થાકી ગઈ લાગે છે. આવ, જરા વાર બેસીને આરામ કર."

જાણે કોઈના કહેવાની જ રાહ જોતી હોય એમ માર્થા તરત ધબ દઈને બેસી પડી. એણે પેલી સ્ત્રીને કહ્યું.

"હું તમને ઘણી વાર અહીં બેઠેલાં જોઉં છું. તમારું નામ જાણી શકું?" મારું નામે ક્લેરા. પણ દીકરા, તું આટલી વહેલી ચાલવા કેમ નીકળે છે? "વહેલી ન નીકળું તો શું કરું? સાત વાગ્યા પછી તો મારે હળે જોતરાઈ જવું પડે છે. સાચું કહું તો ત્રણ ત્રણ છોકરાઓને મોટાં કરવામાં તો જાણે મારી જાત નિચોવાઈ જતી હોય એવું લાગે છે."

માર્થાની વાત ક્લેરાને પસંદ ન પડી હોય એમ એણે નકારમાં ડોકું ધુણાવ્યું. "દીકરા હમણાં ભલે ભારે લાગે પણ છોકરાંઓ મોટાં થઈ, ભણી-ગણીને નામ કાઢશે ત્યારે એમની મા હોવા બદલ તું ગૌરવ અનુભવીશ." પોતાની પાસેની પ્લાસ્ટીકની થેલીમાંથી પાંઉ કાઢી, એના ટુકડા કરી તળાવમાંની માછલીઓ માટે નાંખતાં એણે વાત આગળ ચલાવી.

"હું તો કહું છું દીકરા, કે ત્રણ વ્હાલાં સંતાનોની ભેટ આપવા બદલ જીસસનો આભાર માનવો જોઈએ. તને ખબર છે ને, કેટલાંય કમભાગીઓ એક બાળક માટે ય વલખાં મારે છે." બોલતાં બોલતાં એના ચહેરા પરનું હાસ્ય વિલાઈ ગયું. માર્થાને એવું લાગ્યું કે, કદાચ એની આંખોમાં ભીનાશ તરવરતી હતી. ક્લેરાનો હાથ સ્નેહથી પકડી લેતાં માર્થાએ કહ્યું "થેન્કુ-યૂ આન્ટી, મને એક નવી દૃષ્ટિ આપવા બદલ. હવેથી હું બાળકોના ઉછેરને વૈતરું ન ગણતાં એક મનગમતું કામ સમજીશ."

સામેના ઝાડ પર કોઈ પક્ષીએ માળો બાંધ્યો હતો. એ તરફ આંગળી ચીંધતાં ક્લેરાએ કહ્યું. "જો પેલી મા કદાચ તારા ને મારા કરતાં વહેલી ઉઠીને કામે લાગી હશે. પોતાનાં બચ્ચાંઓ માટે ખોરાકની શોધ કરવામાં અત્યાર


શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

**કલા-કસબ અને કલરનો અનોખો સમન્વય**
જ્યોતિ
Silk Saree Emporium
૧૩૪/૩૬, બીજે માળે, ખાદીભંડાર ઉપર,
ખારા કુવા સામે, ઝવેરીબજાર, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન : 22413995 / 22402786
Email : jyotisse@g.mail.com
*Sachi Jari Mate Real Nam*

સુધીમાં સોએક ચક્કર તો લગાવી ચૂકી હશે, પણ છે એને કશી ફરિયાદ?" અત્યંત દર્દભર્યા સ્વરે વાત પૂરી કરતાં ક્લેરાએ જાણે સ્વગત બોલતાં હોય એમ કહ્યું.

"બચ્ચાં વિનાના ખાલીખમ માળાનો સૂનકાર કેવો અસહ્ય હોય છે એ તો જેણે અનુભવ્યુ 'હોય એ જ જાણે."

બે દિવસ પછી ફરીથી માર્થા અને ક્લેરા વચ્ચે હાય-હલ્લો થયું. ક્લેરાએ કહ્યું "મારે તને કંઈક બતાવવું છે. સમય છે તારી પાસે?"

"હા હા વળી, બતાવો. શું બતાવવું છે?" માર્થા બાંકડા પર ક્લેરાની પાસે બેસતાં બોલી. ક્લેરાના મોઢા પર જાણે દુઃખની કાળી ભમ્મર વાદળી આવીને બેસી ગઈ હોય એવુ 'લાગ્યું. પોતાનો સતત ધ્રૂજ્યા કરતો હાથ ફ્રોકના ખિસ્સામાં નાખી એણે એક પેપરનું કટીંગ બહાર કાઢ્યું અને માર્થાને કહ્યું, "વાંચ."

વાંચીને માર્થા સ્તબ્ધ થઈ ગઈ. અસલ ક્લેરા જેવો જ ચહેરો ધરાવતા તેર-ચૌદ વર્ષના કિશોરના હસી રહેલા ફોટા નીચે લખ્યું હતું, "માર્ટિન ડિસોઝા તે ક્લેરા ડિસોઝાના પુત્રનું અકસ્માતમાં થયેલું મૃત્યુ". જરાક કળ વળતાં માર્થાએ પૂછયું, ક્યારે, એટલે કે, કેટલા વખત પહેલાં એ ગુજરી ગયો?"

કશાક બીજા જ વિચારમા 'હોય એમ ક્લેરા બોલી.

"માય સન, માય સન માર્ટિન. વેરી બ્રાઇટ, વેરી લવીંગ.એ છે જ. મારી સાથે જ છે, મારી પાસે જ છે. જે દિવસે હું મરીશ તે દિવસે એનું પણ મૃત્યુ થશે." માર્થા સામે નજર પણ કર્યા વિના ક્લેરા ઊભી થઈને ચાલવા માંડી. પછી કેટલાય દિવસો સુધી ક્લેરા દેખાઈ જ નહીં. બગીચામાં જાય ત્યારે રોજ માર્થા એને અચૂક યાદ કરતી પણ અને વિષે પૂછવું ય કોને?

ત્રણેક મહિના પછી એક દિવસ માર્થા પેપરનાં પાનાં ઊથલાવી રહી હતી ત્યાં અચાનક એની નજર ક્લેરાના ફોટા પર પડી. એની જુવાનીના દિવસોનો ફોટો હોય એવું લાગ્યું. એને ગળે હાથ વિંટાળીને હસી રહેલો માર્ટિન પણ ફોટામાં સાથે હતો. ફોટાની નીચે નોંધ હતી, "માર્ટિન ડિસોઝાનાં વ્હાલસોયાં મા ક્લેરા ડિસોઝા ઇસુના ચરણે સિધાવ્યાં."

બાલ્કનીમાંથી દેખાતા સામેના ઝાડ પરના માળામાંથી કદાચ ઈંડાં પડી ગયાં હતાં. ચીં ચી 'કરીને ચિત્કાર કરી રહેલી ચકલીને માર્થા આંસુભરી આંખે જોઈ રહી હતી. એનાથી મનોમન બોલાઈ ગયું.

"ગુડ બાય માર્ટિન એન્ડ ગુડ બાય ક્લેરા."

***(અંતરા ઘોષની અંગ્રેજી વાર્તાને આધારે) - આશા વીરેન્દ્ર***

***"ભૂમિપુત્ર"માંથી સાભાર***

## વડોદરામાં અનોખો પ્રસંગ

વડોદરામાં ઉજવાયું એક અનોખા મહોત્સવરૂપે **જીવતે જગત્યું**. આ પ્રસંગે **શ્રીમતી ચંદનબાઈ** તથા **શ્રી નવીન ઠાકરશી રામૈયા**એ પોતાની હયાતીમાં જ સઘળા સગા-સંબંધીઓને તા.૧૫-૧-૧૨ના વડોદરા આમંત્રી, ભાવભીના હૈયે સત્કાર્યા, મનની વાતો અને જીંદગીના સારા નરસા અનુભવો કીધા. ગીત સંગીતની મહેફીલ અને ભાવતા ભોજન કરાવ્યા. પોતાની સરળ અને સંતોષભરી જીવન સફરને બે હાથ જોડી પરમ કૃપાળુ પરમાત્માનો આભાર વ્યક્ત કરી પોતાની અભિલાષા જણાવી કે મૃત્યુ પછી દેહદાન કરવો. વિલાપ કે સંતાપ ન કરવો, બહારગામના સગા સંબંધીઓએ નાહક દોડાદોડી ન કરવી. સાદડી કે શોકસભા ન રાખવી. વેપાર ધંધા રાબેતા મુજબ ચાલુ રાખવા, અમારા પ્રભુલીન થયાના સમાચાર મળતાં આંસુ ન સારતાં નવકારના જાપ કરવા.

આમ બાહ્ય આડંબર કે દેખાવામાંથી બહાર આવીને આત્મ કલ્યાણકારી વિચારો ધરાવનાર **શ્રી ઘરમશી પરિવાર**ને શત શત પ્રણામ... અભિનંદન... કેડીઓની નવી દિશા કંડારનાર સુથરીના અદના માનવ ખરા અર્થમાં મહાન બન્યા છે. ***- મુકેશ માણેકજી લોડાયા (વડોદરા)***

## નરેન્દ્ર મોદી કચ્છ ઉપર વરસ્યા : ૨૧૬૫ કરોડનાં વિકાસકાર્યોની જાહેરાત

ક્રાંતિ મેદાન માંડવી (કચ્છ) મધ્યે યોજાયેલ સદ્ભાવના કાર્યક્રમમાં ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિવિધ સંસ્થાઓનાં પ્રતિનિધિઓને રૂબરૂ મળી તેઓની રજુઆતો સાંભળી હતી.

આ સદ્ભાવના કાર્યક્રમમાં મુંબઈ વસતા અનેક કચ્છી માડુઓ મુંબઈથી કાર્યક્રમ માણવા માંડવી પહોંચ્યા હતા. વિશાળ સદ્ભાવના મંડપ ઉમટેલી લોકમેદનીથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. શ્રી મોદીના આમંત્રણથી સમાજના આગેવાનો પણ કચ્છ માંડવી પહોંચ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી મોદીએ કચ્છ માટે ૨૧૬૫ કરોડનાં વિકાસકાર્યોના આયોજનની જાહેરાત કરી હતી. અને જણાવ્યુ 'હતું કે, કચ્છ સાથેનો નાતો કદાચ પૂર્વજન્મના સંસ્કાર છે. મુખ્યમંત્રીશ્રીને શ્રી નયનભાઈ ભેદા, પ્રવિણભાઈ લોડાયા, શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશ જૈન, ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલ વગેરે મળીને શેઠ નરશી નાથા જેવી પાઘડી તથા હાર-તોરા પહેરાવી તેમને સન્માનિત કર્યા હતા.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**વિજય લાલજી ગાલા** C/o. એસ.બી.પાટીલ, ઇન્દ્રપ્રસ્થ નગર, પ્લોટ નં.૮, દત્ત મંદિરની સામે, જલગામ-૪૨૫૦૦૧.
**કિરણ લાલજી પટેલ (મૈશેરી)** બેન્ક ઓફ ઇન્ડીયા ફલેટસ્, બ્લોક નં.૧૯, છઠ્ઠે માળે, ઘોડ દોડ રોડ, પાંજરાપોળની સામે, સુરત-395007
**કુસુમ હિંમતલાલ લોડાયા** C/o. સ્ટીચ-એલ ટેલર્સ, ૧-મહેશ ભવન, રંગારંગ ગલ્લી, ઔરંગાબાદ-૪૩૧૦૦૧. મો.9421689218
**પારસ પદમશી નાગડા (જખૌ)** એ/૭, રમેશ ભુવન, તુકારામ નગર, આયરે રોડ, ડોંબિવલી (પૂર્વ) ૪૨૧ ૨૦૧
**ગુલાબ પતાપ દંડ (મંજલ)** ૬, સોભાગ્ય ચીરંજીવી સોસાયટી, તુકારામ નગર, આયરે રોડ, ડોંબિવલી (પૂર્વ) ૪૨૧ ૨૦૧.
**પ્રશાંત નયન મોતા** H.No.૭-૧-૫૪, ધરમ કરમ રોડ, ૨૦૩, પાવની હર્મીટેજ, દીપશીખા ભવનની સામે, ફલવાડી-ચાર રસ્તા પાસે, અમીર પેઠ, હૈદરાબાદ ૫૦૦૦૧૬. ફોન ૯૧૯૦૦૦૯૩૪૨

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| વિજય લાલજી ગાલા | ૯૪૨૦૭૮૯૨૬૦ | સૌ. રમીલા વિજય ગાલા | ૯૮૨૨૨૮૧૫૯૨ |
| સૌ. લતિકા આનંદ ગાલા | ૮૪૨૧૦૯૬૯૧૪ | કિરણ લાલજી પટેલ | ૯૭૨૪૩૩૯૭૩૯ |
| સૌ. પુષ્પા કિરણ પટેલ | ૯૪૦૯૫૮૭૪૪૬ | પારસ પદમશી નાગડા | ૯૦૨૯૮૩૦૭૭૪ |
| | | મીતલ પારસ નાગડા | ૯૦૨૯૮૩૦૭૭૩ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૧-૧૨ | નાંદેડ | TRNG031503 | નવ્યા-વિક્રમ સુરેશ નાગડા | તેરા | કન્યા |
| ૧૫-૧૨-૧૧ | ડોંબિવલી | KRLO050802 | હિશાંત-ભાવેશ ટોકરશી લોડાયા | કોઠારા | પુત્ર |
| ૧૬-૧-૧૨ | મસ્જીદ | SILO0402048 | રીશાન-ચિરાગ રમેશ લોડાયા | સાંયરા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩-૨-૧૨ | મુલુંડ | JKDH030703 | નિરવ હસમુખ લક્ષ્મીચંદ ધરમશી | જખૌ | ૨૬ |
| | પૂના | RPLO0301203 | શ્વેતા તિલકચંદ (મંગલભાઈ) લક્ષ્મીચંદ લોડાયા | રાપર | ૨૬ |
| ૫-૨-૧૨ | મુલુંડ | PRNG030504 | વિરલ પ્રફુલ લક્ષ્મીચંદ નાગડા | પરજાઉ | ૨૫ |
| | ડોંબિવલી | RANG0101104 | રોશની કાંતીલાલ ભાણજી નાગડા | રંગપુર | ૨૪ |
| ૫-૨-૧૨ | કોઇમ્બતુર | KRLO0401105 | મયંક ગુલાબચંદ જીવરાજ લોડાયા | કોઠારા | ૨૮ |
| | ચેમ્બુર | VRMO110304 | મિતલ કિર્તીકુમાર નેણશી મોમાયા | વરાડીયા | ૨૬ |
| ૭-૨-૧૨ | મુલુંડ | BHDO0101604 | પ્રિતેશ રમેશ ખીમજી દંડ | ભરૂડીયા | ૨૮ |
| | ભાંડુપ | BYPL020504 | રૂપલ નરેન્દ્ર હીરાલાલ પોલડીયા | બાયઠ | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૧-૧૨ | વડોદરા | SILO050701 | ચાર્મી પિયુષ લોડાયા | સાંયરા | ૨૧ |
| | વડોદરા | A | જુગલ વિપુલભાઈ ઠક્કર | મોલડી | ૨૩ |
| ૨૮-૧-૧૨ | ઘાટકોપર | A | આશિષ ચંદ્રકાંત ગાંધી | ઉના | |
| | મુલુન્ડ | SUDU | પુજા (પિંકી) ચંદ્રકાંત (ચેતન) રાયચંદ ઘુલ્લા | સુથરી | |
| ૩-૨-૧૧ | ડોંબિવલી | SILO0390202 | આશિષ હીરાચંદ ખેતશી લોડાયા | સાંયરા | ૩૫ |
| | ડોંબિવલી | A | આશા બાજી ગણપત અંતગણે | વસઈ | ૨૯ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯-૧-૧૨ | મુલુન્ડ | SUDU050204 | ઝરણ હીરાચંદ રાયચંદ ઘુલ્લા | સુથરી | ૨૮ |
| | માટુંગા | LAMT040503 | વેદા (વર્ષા) નરેન્દ્ર કરમશી મોતા | લખાણીયા | ૨૭ |
| ૪-૨-૧૨ | દાવણગેરી | NLLO140503 | ગૌરવ બિપીનકુમાર કેશવજી મોમાયા | નલીયા | ૨૪ |
| | ઇંદોર | SUMT060604 | પૂર્વી યોગેશ ત્રીકમજી મોતા | સુથરી | ૨૩ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫-૧-૨૦૧૨ | જાલના | JKSL | ગં.સ્વ. જયાબાઈ કેશવજી શિયાળ | જખૌ | ૮૨ |
| ૨૬-૧-૧૨ | ખામગામ | PRDD | જવેરચંદ લખમશી દંડ | પરજાઉ | ૭૭ |
| ૨૦-૧-૧૨ | માંડવી | VVLO | લીલાવંતીબેન કાંતીલાલ લોડાયા | વારાપધ્ધર | ૯૦ |

॥ શ્રી દાદાને નમઃ ॥

## હાર્દિક અભિનંદન !
## લાલકા તથા શિયાડ પરિવારનું ગૌરવ



અ.સૌ. ચાંદની પરેશ લાલકાએ શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ, દ્વારા આયોજીત પંચપ્રતિક્રમણ કંઠસ્થ અભિયાનમાં ઉચ્ચ શ્રેણીમાં પાસ થઈ બન્ને પરિવારનું નામ દિપાવ્યું છે. જીવનનું સાચું ઝવેરાત સમ્યગજ્ઞાન છે. એ જ્ઞાન પ્રાપ્તિમાં પ.પૂ.સા.શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા. તથા શિક્ષિકા પ્રમિલાબેન શહાનંદ ના અપૂર્વ સહયોગથી અનુમોદનીય પુરૂષાર્થ કર્યો છે. એ બદલ ખૂબ અભિનંદન...

**~ શુભાશિષ ~**

સાસુ-સસરા : શ્રીમતી ચંદન લહેરચંદ લાલકા
માતા-પિતા : શ્રીમતી કસ્તુરી ખેતશી શિયાડ
નણંદ-નણંદોઈ : શ્રીમતી કિરણ અભય ડાઘા
ભાઈ-ભાભી : શ્રીમતી નિશા હરીશ શિયાડ
ચિ. ઉર્મિલ, આરુષી અને ગૌતમ

## હાર્દિક અભિનંદન !
## ગોસર તથા નાગડા પરિવારનું ગૌરવ



### ચિ. યશોષ હંસકુમાર ધનજી ગોસર

ચિ.યશેષે Chartered Accountancy (C.A. Final)માં ઉર્તિણ થઈ અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ જ્વલંત સિધ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન. ભવિષ્યમાં હજીપણ સફળતાનાં શિખરો સર કરે એવા અંતરના આશિર્વાદ.

**-: શુભેચ્છક :-**

દાદાણા : સ્વ. માતુશ્રી મણિબાઈ ધનજી ગોસર
(બાયઠ-મુલુંડ)
નાનાણાં : માતુશ્રી ઝમકુબાઈ લક્ષ્મીચંદ નાગડા
(તેરા-માટુંગા)
માતા-પિતા : અ.સૌ. મીના હંસકુમાર ધનજી ગોસર
(બાયઠ-મુલુંડ)
ભાઈ : ચિ. સિચન હંસકુમાર ગોસર

## હાર્દિક અભિનંદન
## મોમાયા તથા ખોના પરિવારનું ગૌરવ



### કુ. આસ્થા પુનિત મોમાયા

આમારી લાડલી ચિ. આસ્થા LKG ૨૦૦૯-૧૦ તથા UKG ૨૦૧૦-૧૧ સતત બે વર્ષથી પોતાના વર્ગ માં બેસ્ટ ગર્લ ઓફ એકેડમીક્સ (Best Girl of Academics) નો ખિતાબ મેળવેલ છે. તે બદલ અમારા સૌના હાર્દિક અભિનંદન તથા ઉજ્જવલ ભવિષ્ય માટે ઉત્તરો-ઉતર પ્રગતિ કરતી રહે એવી શુભેચ્છા.

**શુભાશીષ**

દાદાણા - માલસી હીરજી મોમાયા (સાયરા - ગદગ)
નાનાણા - ભાઈચંદ નરપાલ ખોના (નલીયા - કલીકટ)

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥ **હાર્દિક અભિનંદન !** ॥ શ્રી પરમકૃપાળુ દેવાય નમઃ ॥



### ચિ. કુંજ તારક પટેલ (નાગડા)

(ગામ સાંધાણ, હાલ થાણા)

પ્રત્યક્ષ સદ્ગુરૂની અસીમ કૃપાએ અને વડીલોના આશિર્વાદે ચિ. કુંજ તે અ.સૌ. ભારતી તારક પટેલના સુપુત્ર, નવેમ્બર ૨૦૧૧માં લેવાયેલ C.A. Final Exam. માં ઉત્તીર્ણ થયેલ છે. આવી જ્વલંત સફળતા બદલ હાર્દિક અભિનંદન અને હજીય ભાવિમાં ઉન્નતિમાં શિખરો સર કરે એવી શુભેચ્છા સહ મંગલ મનોકામના...

**-: શુભાશિષ :-**

દાદાણા : માતુશ્રી હીરાબાઈ હીરાચંદ કરમશી પટેલ
સાંધાણ
નાનાણા : માતુશ્રી હેમલતાબેન લાલજી જેઠાભાઈ મોતા
રાપરગઢવારી

**સમસ્ત પરિવાર**

# મોમાયા પરિવારનું ગૌરવ – હાર્દિક અભિનંદન !



## *Sports Championship*
## KHEL-2012

શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ તથા
શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય ઘાટકોપર દ્વારા
અનંતછાયામાં ૨૬ જાન્યુઆરી ૨૦૧૨ના આયોજીત સ્પર્ધામાં અમારી પુત્રીઓ

### કુ. દેશના બીપીન મોમાયા

1) Running Race માં પ્રથમ ક્રમાંકે આવેલ છે. તથા Genius World (Airoli) Abbacas (Mathematic) ક્લાસમાં 1st Level 100 માંથી 99% મેળવી ગોલ્ડ મેડલ મળેલ છે.




### કુ. પ્રાંઝલ બીપીન મોમાયા

1) Lemon and Spoon સ્પર્ધામાં (બીજા ક્રમાંકે)
2) Carrom સ્પર્ધામાં (બીજા ક્રમાંકે) 3) Running Race માં (બીજા ક્રમાંકે)
ત્રણે હરીફાઈમાં બીજા ક્રમાંકે આવેલ છે તથા Genius World (Airoli) Abbacas (Mathematic) ક્લાસમાં 6th Level માં 100 થી 90% મેળવી સિલ્વર મેડલ મળેલ છે.



### સુપુત્ર – તરૂણ બીપીન મોમાયા –

Airoli Sports Club Association આયોજીત બદલાપુર કરાટે કેમ્પમાં Green Belt મળેલ છે તથા Genius World (Airoli) Abbacas (Mathematic) ક્લાસમાં 100માં 90% મેળવી સીલ્વર મેડલ મળેલ છે. આ ત્રણેની સિધ્ધિથી અમે હર્ષ અને ગૌરવ અનુભવીએ છીએ.. તથા શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ.. જૈન વિદ્યાર્થીગૃહ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ.. જૈન કન્યા છાત્રાલયના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓએ આ કાર્યક્રમનું સુંદર આયોજન તથા સંચાલન કરીને પોતાની કુશળતા દાખવી છે. એમને પણ ખુબજ અભિનંદન તથા આ કાર્યક્રમનાં દાતાશ્રી ચાંપશીભાઈ માણેકજી શાહ (લોખંડવાલા)નો ખુબ આભાર

~ શુભ આશિષ ~

દાદા-દાદી : સ્વ. વસુમતીબેન લક્ષ્મીચંદ દામજી મોમાયા

~ હાર્દિક અભિનંદન ~

મમ્મી-પપ્પા : સૌ. ચેતનાબેન બીપીન મોમાયા-સાંયરા (ઐરોલી)
નાના-નાની : સૌ. ચંદ્રકાંતાબેન મહેશચંદ્ર ગેહલોત (દાહોદ)

~ શુભેચ્છાસહ ~

અરિહંત ભક્ત મંડળ (ઐરોલી) • અનંતનાથ રોડવેઝ (ઐરોલી)

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**